


॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

પાક્ષિક

# પ્રજ્ઞા અભિયાન

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

સંસ્થાપક-સંરક્ષકઃ
વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્ય અને માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૧૪ વર્ષ-૨૦ | વાર્ષિક લવાજમ-દેશમાં-૩૦.૦૦ | વિદેશમાં-૪૦૦.૦૦ | ૨૧ ફેબ્રુઆરી -૨૦૧૧

# યુગ સર્જકોને મળે છે 'પ્રખર પ્રતિભા'નું દિવ્ય અનુદાન

## પરમ પૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્ય (વાંગ્મય ખંડ ૨૮, પૃષ્ઠ ૨.૩-૬માંથી સંકલિત)

### શક્તિનું પ્રચલિત સ્વરૂપ

ત્રણ શક્તિઓની પ્રભુતા અને મહત્તા તમામ લોકો જાણે છે. (૧) બુદ્ધિ બળ- જેમાં વિજ્ઞાન, સાહિત્ય અને કલાનો સમાવેશ થાય છે, (૨) શાસન સત્તા- જેના અંતર્ગત વ્યવસ્થા, સુરક્ષા અને તે સંબંધી સાધન અને અધિકારી, (૩) ધન શક્તિ- જેમાં ઉદ્યોગ વ્યવસાય અંગત સંગ્રહ અને બેંક વગેરેનો સમાવેશ થાય છે. જોવા મળે છે કે આ ત્રણેયને આશરે નાના-મોટા, ખરા-ખોટા બધા જ કામ થાય છે. પ્રગતિ અને અધોગતિનો શ્રેય શક્તિની આ ત્રણેય ધારાઓને જ જાય છે. સરસ્વતી, લક્ષ્મી, કાલીના રૂપમાં આ ત્રણેય ધારાઓની પૂજા કરવામાં આવે છે. જન સાધારણની ઈચ્છા-અભિલાષા આને જ મેળવવા માટે આતુર અને સંલગ્ન રહે છે. આમાંથી જેને જેટલો અંશ હસ્તગત થઈ જાય છે તે પોતાની જાતને એટલો જ ગૌરવન્વિત અને યશસ્વનો અનુભવ કરે છે. મોટાઈની ગણના આજે આ ત્રણેને આધારે જ કરવામાં આવે છે. આને આશરે બધુ જ ખરીદી શકાય છે, જે ઈચ્છાનુકૂળ સુવિધા-સાધન અર્જિત કરવા માટે જરૂરી જણાય છે.

### ચોથી શક્તિનો અભ્યુદય

નવયુગના અવતરણમાં હવે ચોથી એ શક્તિનો ઉદય થશે જે અત્યારે થોડા ઘણા અંશે જોવા તો મળે છે પરંતુ તેનુ વર્ચસ્વ ક્યારેક ક્યારેક જ જોવા મળે છે. આ ચોથી શક્તિનું નામ છે **પ્રખર પ્રતિભા.** સામાન્ય પ્રતિભા તો બુદ્ધિમાનો, ક્રિયાકુશળો, વ્યવસ્થાપક અને પરાક્રમ પરાયણમાં પણ જોવા મળે છે. જેની મદદે તેઓ પ્રચુર માત્રામાં સંપત્તિ કમાતા, યશસ્વી બનતા અને અનુચરોથી ઘેરાયેલા રહે છે. આને જ આશરે હાહાકાર મચાવી દેવો શક્ય બને છે. છલ પ્રપંચ તથા અપરાધોની એક લાંબી શ્રૃંખલા પણ ચાલી નીકળે છે. આ સામાન્ય પ્રતિભાથી સંપન્ન અનેક લોકો જોવા મળે છે અને એના બળે મોટાઈ હાંકે છે.

અહીં પ્રખરતાથી સમજવું જોઈએ કે આદર્શવાદી ઉત્કૃષ્ટતા. સજ્જન અને સમર્પિત સંત આ સ્તરના જ હોય છે. કર્તવ્ય ક્ષેત્રમાં તેઓ સૈનિક જેવા અનુશાસનનું પાલન કરે છે. દેવ માનવ આમને જ કહે છે. ઓજસ્વી, તેજસ્વી, મનસ્વી, વર્ચસ્વી, મહામાનવ, યુગપુરૂષ વગેરે નામોથી આ સ્તરના લોકોને સ્મરણ કરવામાં આવે છે. જેમનામાં ઉચ્ચ સ્તરીય ભાવ સંવેદનાની વિશેષતા હોય છે. શ્રદ્ધા, પ્રજ્ઞા અને નિષ્ઠા જેવા તત્વ પણ તેમનામાં જ જોવા મળે છે.

### પ્રખર પ્રતિભા-સમયની મોટી માંગ

પ્રખર પ્રતિભાનું દિવ્ય અનુદાન એક પ્રકારે દૈવી વરદાન છે. જ્યાં સામાન્ય લોકોને લોભ-મોહના બંધનોથી પળ માટે પણ છુટકારો નથી મળતો, ત્યાં પ્રખર પ્રતિભા સંપન્ન લોકો જન સમસ્યાઓ પર વિચાર કરતા અને તેના સમાધાનની યોજના બનાવતા જ નજરે પડે છે. ભાવનાઓનો ઉભરો આવતા આવા માનવો મોટામાં મોટો ત્યાગ અને પુરૂષાર્થ કરી દેખાડવા તત્પર બની જાય છે. આવા લોકો અસફળ રહે તો પણ તેમની ગણના શહીદોમાં થાય છે અને દેવતાઓની જેમ પૂજ્ય બની જાય છે. જો તેઓ સફળ થયા તો ઈતિહાસ બદલી નાખે છે, પ્રવાહને પલટી નાખવાનું કામ આમનું જ છે.

મધ્યયુગમાં રાજપૂતોના પરિવારમાંથી એક વ્યક્તિ સેનામાં ભર્તી થતો. બ્રાહ્મણ પરિવારોમાં થી એક વ્યક્તિ બ્રહ્મચારી-પરિવ્રાજકના રૂપમાં સમાજને દાન કરી દેવામાં આવતો. સિખ ધર્મમાં પણ ઘરના એક વ્યક્તિને સમાજસેવી બનાવવાની પરંપરા રહી છે. આ હેતુથી જ તેઓને અમૃત ચખાડવામાં આવતું અર્થાત્ દીક્ષા આપવામાં આવતી હતી. બૌદ્ધ ધર્મના વિસ્તારના દિવસોમાં એ આધારે જ લાખો ભિક્ષુ-ભિક્ષુણિયો કાર્યક્ષેત્રમાં ઉતરી પડ્યા હતા. આજે પણ સમયની માંગ આ જ છે. જે માટે ચિંતન, ચરિત્ર અને વ્યવહારમાં અસાધારણ પરિવર્તનની જરૂરત છે. આ માટે ભાવનાશીલ લોકસેવીઓની, પ્રખર પ્રતિભાઓની જેટલી સંખ્યામાં ઉપલબ્ધિ બની શકશે એટલી જ લક્ષ્ય પૂર્તિ માટે સરળતા અને ગતિશીલતા રહેશે. સંપૂર્ણ-અડધો અથવા તો ચોથા ભાગનો જેનાથી જેટલો બની શકે એટલો સમયદાન-અંશદાન આપવો બની શકશે, સમજવું જોઈએ કે નવસર્જનની પુણ્ય પ્રક્રિયામાં જોડાવાનો એને એટલો જ શ્રેય મળશે.

એકવીસમી સદીમાં નવી દુનિયા બનાવવા જેવું ભારે ઘરખમ કાર્ય થવાનું છે. આ માટે પ્રચુર પરિણામમાં પ્રખર પ્રતિભાઓનું વાવાઝોડું આવવાનું છે. કેટ-કેટલાય વ્યક્તિઓ આ સંદર્ભમાં કાર્ય કરશે. આંધી-તૂફાનના સમયે પાંદડો, તણખલાં અને ધૂળ પણ આકાશને આંબવા લાગે છે. દૈવી પ્રેરણાનો અદૃશ્ય પ્રવાહ આ દિવસોમાં એવો તો આવશે કે સર્જન સૈનિકોની વિશાળ કાય સેના જોવા મળશે અને એવા ચમત્કારો સર્જશે કે અણુબોમ પડ્યા પછી ખંડેર બનેલા જાપાનને ત્યાંના નાગરિકોએ બીજા દેશોની સરખામણીમાં ઘણો આગળ લાવીને બતાવી દીધો છે. રશિયા, જર્મની વગેરેએ પણ કેટલીક દશાબ્દિઓમાં એવા તો ચમત્કારો કરી બતાવ્યા છે જેને અદ્ભુત જ કહી શકાય અને ઈતિહાસમાં અનુપમ પણ.

દુર્બુદ્ધિએ પાછલી શતાબ્દીમાં કેવો પ્રકોપ પાથર્યો છે, એ તો કોઈથીય છૂપું નથી. આશ્ચર્ય તો એ વાતનો છે કે માત્ર એક શતાબ્દીમાં આટલું મોટું અનર્થ કેમ કરી શક્ય બન્યુ? પરંતુ હવે જાણે રાત્રિ પછી દિનમાનનો ઉદય થવા જઈ રહ્યો છે. હવે બીજા જ સ્તરનો પ્રવાહ વહેશે. મનુષ્યોમાંથી અસંખ્યોમાં ભાવ સંવેદનાનો ઉભાર આવશે અને તે પણ નવસર્જનની, સેવાની, ઉત્થાનની, આદર્શની વાત વિચારશે. આમાં લોકોનો એક મોટો જન સમુદાય ઉગતો-ઉભરતો જોવા મળશે.

શ્રેષ્ઠ માનવોનું બાહુલ્ય જ સતયુગ છે. એને જ 'સ્વર્ગ' કહે છે. નરક બીજું કંઈ નથી, દુર્બુદ્ધિનું બાહુલ્ય અને એનું જ વ્યાપક પ્રચલન. નરક જેવી પરિસ્થિતિઓ એમાં જ દૃષ્ટિગોચર થાય છે. પતન અને પરાભવના અનેક અનાચારો એને કારણે જ પેદા થતા રહે છે. સમય પરિવર્તનની સાથે સદાશયતા વધશે, નવસર્જનના ઉમંગ જન-જનમાં જાગી ઉઠશે અને પ્રખર પ્રતિભાનો દિવ્ય આલોક બધેજ પોતાના ચમત્કારો સર્જતો જોવા મળશે. આ ચોથી- પ્રતિભાની શક્તિ નવયુગની અધિષ્ઠાત્રી તરીકે ઓળખાશે.




અવશ્ય વાંચશો અને બીજાને વંચાવશો

## 'અખંડ જ્યોતિ'નો યુગવસંત વિશેષાંક

પરમ પૂજ્ય ગુરૂદેવના વિચાર-શરીરનો પ્રાણ છે 'અખંડ જ્યોતિ'. આ સાધારણ પત્રિકા નથી, સદ્ગુરૂની એવી તો ધારા છે કે જેને લાખો-કરોડો લોકોના જીવનમાં નવપ્રાણોનો સંચાર કરી દીધો છે.

પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી વર્ષના ઉપલક્ષ્યમાં તેઓ પાસેથી મળેલા આ અનુપમ વારસાના ફેબ્રુઆરી અંકને **યુગવસંત વિશેષાંક**ના રૂપમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ વિશેષાંકના આલેખોમાં પૂજ્યવરની ભાવસંવેદના અને અંતરના એ પ્રખર પ્રવાહને રજુ કરવામાં આવ્યો છે, જેને જન-મનને બદલી નાંખવામાં અત્યાર સુધી પોતાનો જાદુઈ પ્રભાવ બતાવ્યો છે. પૂજ્ય ગુરૂદેવ પ્રત્યે શ્રદ્ધાવાન તમામ પરિજનોએ આ વિશેષાંક અવશ્ય વાંચવો જોઈએ. એમની જન્મ શતાબ્દીમાં વિચાર-પ્રસાદના રૂપમાં તમામ ગામ-શહેરોમાં બધાજ પરિજનોને વંચાવવો જોઈએ. જે વાંચશે, તે જાતે જ ઉત્કૃષ્ઠ બનશે અને યુગ પરિવર્તન અભિયાનથી વિખુટો નહી રહી શકે, એવો સુનિશ્ચિત વિશ્વાસ છે.




વિભિન્ન શાખાઓ અને ઉદાર મન પરિજનો વધુને વધુ સંખ્યામાં આને વિતરિત કરાવે. અંકની જેટલી પણ પ્રતિઓ મંગાવવી હોય, અખંડ જ્યોતિ સંસ્થાન, મથુરા સંપર્ક કરીને મંગાવી શકાય છે.



# પ્રજ્ઞા પરિજન મહાકાલની સાથે ભાગીદારીના આગલા ચરણમાં પ્રવેશ કરે

## ભ્રમ અને સમ્મોહનમાંથી બહાર આવે, સર્જન સંકલ્પ કરે, સહયોગ-સાધનનું સ્તર વધારે

**પાક્ષિકના ગત (૭ ફેબ્રુઆરી) અંકમાં ૨૧મી સદીના પહેલા દશકના સંકેતોને સમજાવતા વિવેક એન સાવધાની પૂર્વક નવા દશકની નવી જવાબદારીઓ અને પડકારોને સ્વીકારવા માટે અપીલ કરી હતી. જેમાં રાષ્ટ્રીય-અંતર્રાષ્ટ્રીય ધારાઓને દૃષ્ટિગત રાખતાં શ્રેષ્ઠ નાગરિકો-મનુષ્યોને લક્ષ્યમાં રાખીને વાત કરવામાં આવી હતી. આ અંકમાં નૈષ્ઠિક પ્રજ્ઞા પરિજનો, સર્જન શિલ્પિઓ-સૈનિકોને લક્ષ્યમાં રાખીને કંઈક નિવેદન કરવામાં આવી રહ્યું છે. આશા છે કે પરિજનો આ વિવેચન યુક્ત નિવેદનનો સકારાત્મક ઉપયોગ કરશે.**

### વિગતનું વિવેચન

પ્રજ્ઞા પરિવારે સન્ ૨૦૦૦ના અંતમાં યુગસંધિ મહાપુરશ્ચરણની મહાપૂર્ણાહુતિની સાથે ૨૦મી સદીને ભાવભરી વિદાઈ આપતાં ૨૧ સદીનું ઉલ્લાસ ભર્યુ સ્વાગત કર્યુ. ૧૨ વર્ષીય યુગસંધિ મહાપુરશ્ચરણના અંતર્ગત યુગઋષિના પ્રેરણા પ્રવાહના આધારે જે પણ યત્કિંચિત સાધન બની શક્યા, નિશ્ચિત રૂપે તેઓએ પોતાનો પ્રભાવ બતાવ્યો. જેમ આબોહવાની અનુકૂળતા જોઈને સામાન્ય રૂપથી પાથરવામાં આવેલ બીજ પણ ઉપયોગી પાક આપે છે, એવી જ રીતે કાળ પ્રવાહને અનુરૂપ કરવામાં આવેલી સાધનાના ફળસ્વરૂપ મૂલ્યવાન ઉપલબ્ધિઓ હસ્તગત થઈ. મોટી સંખ્યામાં સાધકો અને સંગઠિત એકમોમાં ભ્રમોમાંથી નીકળી કંઈક ઉલ્લેખનીય કરી દેખાડવાનો ઉત્સાહ અને કૌશલ્ય ઉભરી આવ્યો. પાછલું દશક ઘણું બધું સમજાવી ગયુ, ઘણું બધુ આપી ગયું.

### ભ્રમ ભાંગી ગયા

'એકલા ચલો રે'ના ક્રાંતિકારી સૂત્રની આડમાં અહંકાર ભર્યા એક્કડપનના દોષને ઓળખી, સમજી તેનાથી બચતાં આગળ વધવાની સાહસિકતા ઉભરાવા લાગી. વ્યક્તિગત પૂર્વાગ્રહો ઢીલા પડવા લાગ્યા.

વ્યક્તિગત વિશેષતાઓ, કુશળતાઓને અહંકારના પોષણમાં લગાવવાની સંકીર્ણતા પકડમાં આવવા લાગી અને સામૂહિક-સહકારિતાના પોષણમાં નિયોજીત કરવાના ભાવ ઉમડવા લાગ્યા. ફળસ્વરૂપ સંગઠિત પ્રયાસો પ્રત્યે આસ્થા પ્રબળ થવા લાગી.

સંગઠનોની પ્રચલિત પરિપાટી-સંસ્થાગત રીતિનીતિ આપણા માટે યોગ્ય નથી. ઋષિ પ્રણીત પારિવારિક અનુશાસનને અનુરૂપ પદ્ધતિ જ વરણીય છે. આ તથ્યો હૃદયંગમ થયા, જેનાથી અધિકારો માટે આપાધાપીથી બચતા કર્ત્તવ્યોને આગળ વધી સ્વીકારનારા સંગઠનની પરિવાર આધારિત રીતિ-નીતિ અમલીકરણ થઈ.

ટ્રસ્ટી-પદાધિકારી બનવાથી જ જવાબદારી ભર્યા કામ હાથમાં લઈ શકાય છે, એવો ભ્રમ ભાંગી ગયો અને સ્વયંસેવક વૃત્તિથી કાર્યોથી જવાબદારી ઉપાડવાનું ઔચિત્ય સમજમાં આવતાં. આ આધારે મોટી સંખ્યામાં સમયદાનિયોને આત્મગૌરવની સાથે કાર્યોમાં જોડવાનો પથ પ્રશસ્ત થયો.

કરેલા કાર્યો અને સાધનાઓના વખાણ કરવાથી અમોને શ્રેય મળશે, આ ભ્રમ ક્રમશઃ દૂર થવા લાગ્યો, કાર્યો-સાધનાઓએ અમારા વ્યક્તિત્વને જેટલું સુગઢ અને પ્રખર બનાવ્યું, એ આધારે શ્રેય સૌભાગ્યની ઉપલબ્ધિ મળશે, આ તથ્યા સમજમાં આવવાથી અહંકાર ઘટીને સંસ્કાર જગાડવા માટે પ્રયાસો થવા લાગ્યા.

શ્રીમદ્ ભાગવત ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણના ઉપદેશ હૃદયંગમ થવા પર અર્જુને આ પ્રકારના મોહ-ભ્રમના નિવારણને જ પોતાની સૌથી મોટી ઉપલબ્ધિ માની હતી. કહ્યું પણ હતું કે- 'હે પ્રભુ! આપની કૃપાથી મારા મોહ-ભ્રમમય વિચારો દૂર થઈ ગયા, મને પોતાના અને પોતાના કર્ત્તવ્યોની વાસ્તવિકતનો બોધ થઈ ગયો. હવે તમો આજ્ઞા કરો, હું આનુ પાલન કરીશ- **કરિષ્યે વચનં તવ**'. યુગઋષિની કૃપાથી પ્રજ્ઞા પરિજનોના પૂર્વાગ્રહ ગ્રસ્ત વિચારો ઢીલા પડવા લાગ્યા, તેથી ઋષિ વચનોનું પાલન કરવા શ્રેષ્ઠ સંસ્કારોનો ઉદય થયો અને નવી-નવી ઉપલબ્ધિઓ હસ્તગત થવા લાગી.

### ઉપલબ્ધિઓતો મળી, હવે કીર્તિમાન બનીએ

શ્રદ્ધાળુ સાધક, નૈષ્ઠિક સર્જન સૈનિક જ્યાં-ત્યાં વિખરાયેલા પડ્યા હતા, તેઓની સંગઠિત એકમો ઉભરાવા અને સક્રિય થવા લાગી.




પારિવારિક અનુશાસનના આધારે સંગઠિત એકમોને વ્યવસ્થિત કરવાનું તંત્ર સક્રિય થયું. કેન્દ્રથી જીલ્લાઓ, તાલુકાથી ગામો, મહોલ્લાઓ સુધી પ્રેરણા, પ્રશિક્ષણ અને પ્રામાણિક સૂચનાઓનું આદાન-પ્રદાનના ઉપયોગી તાણા-વાણા ઉભરી ઉઠ્યા.

'પ્રજ્ઞા પરિજનો, સર્જન સૈનિકોની પોતાના વ્યક્તિત્વની ઉંચાઈ આગળ આવનારા કાર્યોને અનુરૂપ વધવી જ જોઈએ.' યુગઋષિના આ કથનાનુસાર 'યુગ નિર્માણ સત્સંકલ્પ','પોતાના અંગ-અવયવોથી' તથા 'લોકસેવિયો માટે દિશાબોધ'ના સૂત્રોને પોતાના વ્યક્તિત્વ વિકાસની કસોટી બનાવવા માટેના પ્રયાસોની શરૂઆત થઈ. તપમય પ્રશિક્ષણ, વ્યક્તિત્વ પરિષ્કાર સત્રોના માધ્યમથી આ વિચાર મંથને નવા-જુના પરિજનોને જીવન સાધનાના ક્રમમાં આગળ વધવા માટે સારૂ એવું યોગદાન આપ્યું.

સહગમનની વધતી પ્રવૃત્તિઓએ સમયની માંગને અનુરૂપ વિકેન્દ્રિત-સુસંબદ્ધ તંત્ર (ડીસેંટ્રલાઈજ્ડ વૈલ કો- ઓર્ડિનેટિડ સિસ્ટમ) વિકસીત થવા લાગ્યું. રાજ્યો, જીલ્લાઓ, તાલુકાઓથી થતાં ન્યાય પંચાયતોના સ્તર સુધી મિશનની ગતિવિધિઓના પ્રસાર-વિસ્તારના પ્રયોગો સફળ થવા લાગ્યા. જ્ઞાનયજ્ઞની જ્યોતિ પ્રગટાવવા ઘેર-ઘેર સુધી જવાના નારાઓની સાર્થકતા જોવા મળી.

કેન્દ્રના સહયોગથી ક્ષેત્રોમાં પરિસ્થિતિઓને અનુસાર સાધકો અને સમયદાની કાર્યકર્તાઓના પ્રશિક્ષણનો ક્રમ ચાલી નિકળ્યો. આનાથી સમયદાનીઓની યોગ્યતા વધારવા તથા તેઓને જુરૂરી કાર્યોમાં નિયોજીત કરવાના નવા આયામો ખુલતા ગયા. જન જાગરણ માટે નાના-મોટા આયોજનો તથા જનસંપર્કનાં વિવિધતા પૂર્ણ પ્રયાસોમાં ઉલ્લેખનીય પ્રગતિ થઈ.

જ્યાં કેન્દ્રિય ટોળિઓના માધ્યમથી આંગળીના વેઢે ગણી શકાતા કાર્યક્રમો વાર્ષિક સત્રમાં થતા હતા, ત્યાં એની સંખ્યા ૩૦ હજારનો આંકડો પણ પાર કરી ગઈ.

પ્રચારાત્મક કાર્યક્રમોની સાથે સર્જનાત્મક અને સુધારાત્મક ગતિવિધિઓની જવાબદારી ઉપાડવાની સમજ અને ક્ષમતા વધી. સ્થળે-સ્થળે પરિસ્થિતિઓને અનુસાર વિવિધ આંદોલન સ્થાઈ-અસ્થાઈ મહામારીઓના સમાધાન માટે આપદા પ્રબંધન દલોનું ગઠન અને કાર્યોમાં ઉલ્લેખનીય પ્રગતિ થઈ.

વિચાર ક્રાંતિનો સશક્ત આધાર-યુગ સાહિત્યના વિસ્તાર માટે પુસ્તક મેળાની નવી ધારા ઉભરી અને જોત-જોતા આશ્ચર્ય જનક ગતિ પકડી લીધી. પ્રબુદ્ધો, શિક્ષિતો અને જન સાધારણને યુગ નિર્માણની વિચાર ધારા સાથે જોડવાનો એક અતિ પ્રભાવપૂર્ણ ક્રમ ચાલી નિકળ્યો. અનુમાન છે કે પાછલા ૫૦ વર્ષોમાં થયેલા સાહિત્ય વિસ્તારને બરોબર કાર્ય પાછલા ૫ વર્ષોમાં થઈ ગયું. દેશ-વિદેશની તમામ ભાષાઓમાં યુગ સાહિત્યના અનુવાદ-પ્રકાશન અને પ્રસારે પણ ઉલ્લેખનીય ગતિ પકડી છે. આશા કરવામાં આવે છે કે આ ગતિ તીવ્રથી તીવ્રતર થતી અનોખી ઉંચાઈઓને સ્પર્શવા લાગશે.

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા અને દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના પ્રયોગોએ શિક્ષણ જગતમાં સાંસ્કૃતિક ધારાઓ પ્રતિ ઉલ્લેખનીય જાગરુકતા વધારી છે. આશા કરવામાં આવે છે કે ઋષિ પ્રેરણાથી આ સાર્થક પ્રયાસોમાં હજુ પણ પ્રખરતા આવશે, જેનાથી પ્રત્યક્ષ-પરોક્ષ પ્રતિફળ શિક્ષણની ગરિમાને વધારે સિદ્ધ થશે.

મિશનની ગતિવિધિઓની સાથે યુવા પેઢીની ભાગીદારી ખૂબ તેજીથી વધી છે. તેઓ વ્યક્તિગત કેરિયરની સંકિર્ણ મનોવૃત્તિથી ઉપર ઉઠીને પોતાના જીવનોદ્દેશ તેમજ પોતાની સામાજીક અને રાષ્ટ્રીય જવાબદારીઓ પ્રત્યે જાગરૂક થઈ ગયા છે.

ઉક્ત અને આ પ્રકારની બીજી અનેકાનેક ઉપલબ્ધિઓની પરંપરા શરૂ થઈ ગઈ છે. પરંતુ તે આપણને કેટલીય સાવધાનિયો રાખવા તથા આગલા ચરણની મોટી કસોટીઓને સ્વિકારવા અને મોટા પ્રસંગો માટે વધું તૈયારી કરવાના સંકેત પણ આપતો ગયો છે.

### સાવધાન હોં

પાછલા અંકમાં તથ્યોના આધારે એ વાત સ્પષ્ટ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા કે પ્રકૃતિ હવે આદર્શોની આડમાં સંકીર્ણ સ્વાર્થોને ઉઠવાનો અવસર આપવા માંગતી નથી. મિશનમાં આજે પણ આવા વ્યક્તિઓની કોઈ ઉણપ નથી, જે ગુરૂદેવ અને મિશનનું નામમાત્ર રટી રહ્યા છે. એમના અનુશાસનોનું ન તો ઉંડાઈપૂર્વક અધ્યયન કરે છે કે ન તો જીવનમાં ધારણ કરવા ઈમાનદારી પૂર્વક પ્રયાસ કરે છે. એમના કેટલાય પ્રકારો છે, જેમ કેઃ-

શક્તિપીઠોના ભવન તો બનાવી લીધા છે, પરંતુ એને સામાન્ય પૂજા સ્થળ સુધી જ સીમિત રાખ્યા છે. યુગઋષિ ત્યાં કઈ ગતિવિધિઓ ચલાવવા માંગતા હતા, એનું ન તો જાતે અધ્યયન કરે છે કે ન તો બીજાઓને તેને અનુરૂપ પ્રયાસ કરવા માટે અવસર આપે છે.

ટ્રસ્ટ મંડળમાં જોડાયેલ છે, પરંતુ યુગઋષિ દ્વારા સ્થાપિત ટ્રસ્ટિઓને અનુરૂપ પોતાના ચિંતન, ચરિત્ર, વ્યવહારને વિકસિત નથી કરી રહ્યા. સમ્માનજનક ઢંગથી વ્યવસ્થા પરિવર્તન માટે સહમત પણ નથી થતા.

પ્રજ્ઞા પરિજન અને પ્રજ્ઞા પુત્ર કહેવડાવવાનું તો પસંદ છે, પરંતુ એને અનુરૂપ વ્યક્તિગત પરિષ્કાર તથા સમયદાન-અંશદાનના નિયમોનું પાલન નથી કરતા.

પોતાના કેટલાક વિશેષ ગુણોની આડમાં પોતાની અંદર એવા દોષો સંતાડવાના પ્રયાસો કરે છે, કે જે તેમના ભૌતિક વર્ચસ અને અહંકારોનું તો પોષણ કરે છે પરંતુ તેઓની આધ્યાત્મિક પ્રગતિ તથા મિશનની પ્રતિષ્ઠામાં બાધક જ બને છે. આવા વ્યક્તિઓને અવસરવાદી ખુશામતિયાઓ તો ગમે છે, પણ આદર્શવાદી સલાહકાર પસંદ નથી આવતા. એ કારણે તેઓ સમર્થ હોવા છતાં પણ નાની-નાની વિસંગતિઓથી બહાર નથી આવતા. આમના પણ કેટલાય પ્રકારો છે જેમ કેઃ-

સામૂહિકતાનો દેખાડો કરતાં પોતાની મર્જી ચલાવવા માટે આતુર બની જવુ. સાદગીનો દેખાવો કરતાં સુવિધાઓને સુરક્ષિત રાખવી. વિનમ્રશીલતાના અભાવને સ્પષ્ટવાદિતા કહીને ચલાવતા રહેવું. સજ્જનતાની આડમાં અનીતિને અનદેખી કરવાની કાયરતાને બનાવી રાખવી. વિસંગતિઓને સમજતા એની જ્યાં-ત્યાં ચર્ચા તો કરવી, પરંતુ ઉપચાર માટે સાર્થક પ્રયાસોના ન તો માર્ગ શોધી શકવા કે ન તો સાહસ એકઠું કરી શકવું.

નવા પરિવર્તન માટે પ્રતિબદ્ધ પ્રકૃતિ હવે આ વિસંગતિઓને વધુ નહી સહી શકે, આ સંકેત સમય આપી રહ્યો છે. સુધાર-પરિષ્કારની પ્રક્રિયામાં પ્રકૃતિનો સહયોગ કરશો, તો તેના પ્રકોપથી બચી શકશો. નહી તો....

પ્રભુ પરમ દયાળુ છે. તમામ ભલા માણસોની ભલાઈના નાતે તેને સમ્માન આપવા-અપાવવા માંગે છે. પરંતુ તેઓ આદર્શ વ્યવસ્થાપક પણ છે. દોષોને એ સીમા સુધી જ માફ કરે છે, કે જ્યાં સુધી તેમની વ્યવસ્થા તેને સહન કરી શકે. ભગવાન કૃષ્ણ, આચાર્ય દ્રોણ, ગંગાપુત્ર ભીષ્મ, સૂર્યપુત્ર કર્ણને સમ્માન આપતાં રહ્યા, પરંતુ તેઓને તેમની દુર્ગતિથી બચાવી ન શક્યા. વર્તમાન સમયના પ્રતિભાશાળી લોકો મહાકાલને આ પ્રકારની રીતિ-નીતિ અપનાવવા માટે લાચાર ન કરે.

### શ્રેષ્ઠ થી શ્રેષ્ઠતા તરફ

એકવીસમી સદીના બીજા દાયકામાં આપણે યુગઋષિની જન્મ શતાબ્દીના ભવ્ય આયોજનની સાથે પ્રવેશ કરી રહ્યા છીએ. એમાં આપણે પોતાની જાતને એ વાત માટે તૈયાર કરી લીધા છે કે આપણા દરેક ચરણની સાથે આપણે પોતાની જાતને પુછીયે કે શુ આનાથી યુગઋષિ પ્રસન્ન થશે? આપણી યશકાંક્ષા અને જમાનાની વાહવાહ તો પ્રચંડ હવા બનીને આપણી નાવને ક્યાંયથી ક્યાંય ફંગોળી નાંખશે. એને મહત્વ ન આપીને યુગઋષિની પ્રસન્નતાને જ લક્ષ્યમાં રાખીને ચાલવાથી આપણી દીશા બરાબર બનેલી રહેશે. ઉત્સાહતો આપણામાં છે જ. દિશા ઠીકઠાક રહી તો આ ઉત્સાહ સદ્ગતિ આપશે નહીતો દુર્ગતિ તરફ પણ ધકેલી શકે છે.

આ આધારે પરિજનોના ઉમંગોનું સુનિયોજન સાર્થક દિશાધારામાં બની રહ્યું છે. યુગઋષિ અને એમની યોજનાને ગાયત્રી પરિવારની પરિધિથી બહાર, વિભિન્ન મત-મતાંતરો, વિવિધ સંગઠનો સુધી અને ગામે-ગામ, ઘેર-ઘેર સુધી પહોંચાડવાનો ઉત્સાહવર્ધક ક્રમ ચાલી પડ્યો છે. આના દૂરગામી પરિણામો નજીકના ભવિષ્યમાં જ દેખાઈ આવશે. નવા વ્યક્તિઓ અને નવા વર્ગોને યુગ નિર્માણ માટે પ્રેરિત-પ્રતિબદ્ધ-પ્રશિક્ષિત કરવાની નવી જવાબદારીઓ આગળ આવશે. આ માટે પૂર્ણ મનોયોગથી અને ઉચ્ચસ્તરીય તત્પરતાથી પોતાની જાતને તૈયાર કરવી પડશે.

**'જે બની શક્યુ છે તે સંતોષ જનક કહી શકાય, પરંતુ જે થવાનું છે તે તો ખૂબ શ્રેષ્ઠ અને ભવ્ય હશે'** યુગઋષિના આ કથનને ધ્યાનમાં રાખીને આપણામાંથી પ્રત્યેકે શ્રષ્ઠમાંથી શ્રેષ્ઠતમ માટે તૈયાર થઈ જવું જોઈએ.

જન્મ શતાબ્દીથી નવા દશકમાં જોરદાર ઢંગે પ્રવશી પહેલાથી પણ વધું શાનદાર આદર્શોને લક્ષ્યમાં રાખીને આગળ વધીશું તો આપણે પણ યુગઋષિની પ્રસન્નતા, યુગદેવતાની અનુકૂલતા મેળવીને ધન્ય-ધન્ય બની જઈશું.

# જન્મ શતાબ્દી નિમિત્તે સમગ્ર ગુજરાતમાં ઠેર-ઠેર યોજાઈ રહ્યા છે વિવિધ કાર્યક્રમો

## ચલાલા ગાયત્રી પરિવાર દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

**ચલાલા (ગુજરાત)**

ચલાલા ગાયત્રી પરિવાર દ્વારા રક્તદાન



કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી મુકેશ જાની, બી.એડ કોલેજ જેસિંગપરા-અમરેલીથી આવેલ તાલીમાર્થીઓએ રક્તદાન કરી ‘યુવાનીમાં રક્તદાન’એ સૂત્રને સાર્થક કર્યુ હતું.

જેમાં આ તાલીમાર્થીઓ ‘ગાયત્રી સંસ્કાર વિદ્યાલય’માં સતત શિક્ષણના કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિવિધ સ્પર્ધાઓ તેમજ પ્રવાસ પર્યટનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સંસ્થાના સંચાલક શ્રી રતિદાદાના સાનિધ્યમાં સર્વોની સુખ, સમૃદ્ધિ માટે દિપયજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતું. શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન કરનાર આ સંસ્થાના સુંદર વાતાવરણથી તમામ તાલીમાર્થીઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં સંસ્થાના વડા શ્રી રતિદાદા, મુકેશ જાની, શ્રી વિપુલભાઈ ભટ્ટ, દિપકભાઈ, ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના આચાર્ય શ્રી શિતલબેન, મહેશભાઈ તથા સમગ્ર સ્ટાફ ગણે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

### વિનામૂલ્યે ધાબળા વિતરણ

ચલાલા ગાયત્રી પરિવાર દ્વારા ઝુપડપટ્ટીમાં રહેતા અને ખુલ્લા પટમાં ઠંડીમાં સુસવાતા લોકોની વેદનાને ધ્યાનમાં રાખી વિનામૂલ્યે ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા. આ સેવાકીય કાર્ય માટે આર્થિક સહયોગ નરેશ કુમાર ગોવિંદરામજી કાપડી મુંબઈ તરફથી પ્રાપ્ત થયો હતો. સામાજીક અને સાંસ્કૃતિક પરિવર્તન લાવવા માટે સંકલ્પિત સંસ્થા દ્વારા આવા અનેક સેવાકીય કાર્યો થઈ રહ્યા છે. સંસ્થા દ્વારા વૃદ્ધાશ્રમ, અનાથાલય, પ્રસૂતિગૃહ, આયુર્વેદિક હોસ્પિટલ વગેરે આકાર લઈ રહ્યા છે. ✡

## વિરાટ પુસ્તક મેળાનુ ભવ્ય આયોજન

**પાલનપુર (ગુજરાત)**

પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી નિમિત્તે તેમના વિચારોને જન જન સુધી પહોંચાડવા માટે પાલનપુર, ગાયત્રી શક્તિપીઠ દ્વારા તા- ૬ થી ૧૨ જાન્યુઆરી,૨૦૧૧ના રોજ પુસ્તકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પુસ્તકમેળાનું ઉદ્‌ઘાટન માનનીય શ્રી આર.જે. પટેલ, કલેક્ટરશ્રી, બનાસકાંઠાના વરદ્‌હસ્તે કરવામાં આવ્યુ હતું, પુસ્તક મેળાનો લાભ સ્થાનીક તેમજ આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં તમામ ધર્મના લોકોએ તેમજ શાળા-કોલેજના વિદ્યાર્થીઓએ લીધો હતો. તમામ મુલાકાતીઓએ આપેલ અભિપ્રાય મુજબ આજની જટિલ સમસ્યાઓના સમાધાન સદ્‌સાહિત્યનું વાંચન જ આવશ્યક છે.

ઝોલા પુસ્તકાલય દ્વારા ચાર જ્ઞાનરથ દ્વારા પાલનપુર શહેરના તમામ વિસ્તાર તથા પાલનપુર તાલુકા, અમીરગઢ તાલુકા, વડગામ તાલુકાના ૨૦૦ જેટલા ગામોમાં ઘર-ઘર સુધી પૂજ્યશ્રીના વિચારો પુસ્તક રૂપે પહોંચતા કરવામાં આવ્યા અને તેઓને નિયમિત વાંચન કરવા માટે પ્રેરીત કરવામાં આવ્યા હતા. ૬૦૦૦ જેટલા સ્ટિકરો લગાવવામાં આવ્યા હતા.

તા-૧૨ જાન્યુઆરીના રોજ સાંજે વિરાટ પુસ્તક મેળાની પૂર્ણાહુતિ દિપયજ્ઞ દ્વારા કરવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવા પરમ પૂજ્ય ગુરૂદેવને અંતઃકરણથી સમર્પિત જીલ્લાની તમામ શક્તિપીઠો/પ્રજ્ઞાપીઠોના પરિજનો તેમજ સ્થાનિક ગાયત્રી પરિજનોના અથાગ પ્રચાર-પ્રસારના પરિણામ સ્વરૂપ રૂા. ૭.૫૦ લાખની કિંમતના યુગ સાહિત્યનું વેચાણ થયું.

**દાહોદ, (ગુજરાત)**

દાહોદ શહેરમાં વિરાટ પુસ્તક મેળો તા- ૨૫ થી ૩૦ ડિસેમ્બર,૨૦૧૦ના રોજ યોજાઈ ગયો. તા-




૨૫ ડિસેમ્બરના રોજ વિરાટ ગ્રંથયાત્રા દાહોદ શહેરમાં કાઢવામાં આવી. ઉદ્‌ઘાટન સમારોહમાં બ્રહ્માકુમારી સુરેખાબેન, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી સંતોષ બેન પટેલ, ઉપપ્રમુખ જમુનાબેન, રોટરી ક્લબના પ્રમુખ તથા વાંચે ગુજરાત જીલ્લા સમન્વય સમિતિના પ્રમુખ અને કથાકાર શ્રી નલીનભાઈ ભટ્ટ હાજર રહ્યા હતા. તા- ૨૯ ડિસેમ્બર,૨૦૧૦ના રોજ ‘વક્તૃત્વ’ સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં ૨૮ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો. તા- ૩૦ ડિસેમ્બર,૨૦૧૦ના રોજ દિપ મહાયજ્ઞ રાખવામાં આવ્યો હતો. પૂસ્તકમેળામાં ૧૧,૫૦,૦૦૦/- રૂપિયાનું બધુજ સાહિત્ય વેચાઈ ગયુ હતું. લોકોની માંગને ઓર્ડર લઈ પૂરી પાડવાની ખાત્રી આપવામાં આવી હતી. પુસ્તક મેળામાં વેદ અને ઉપનિષદના ૮૦ સેટ વેચાઈ ગયા હતા. ✡

## સેટેલાઈટ શાખા દ્વારા બ્રહ્મભોજ

**અમદાવાદ (ગુજરાત)**

અમદાવાદ, અટીરા રોડ પર સ્થિત મેનેજમેન્ટ એસોસીએશનમાં મુંબઈના શ્રી ચિન્મયાનંદજી આશ્રમના વડા, સ્વામીની વિમલાનંદજી દ્વારા ‘સ્યોર મંત્ર ઓફ સક્સેસ’નાં પાંચ દિવસના પ્રવચન દરમ્યાન ફરી એકવાર સેટેલાઈટ શાખા દ્વારા ‘બહ્મભોજ સ્ટોલ’ રાખવામાં આવ્યો. પ્રવચનમાં બુદ્ધિજીવીઓ દ્વારા લગભગ ૧૮,૦૦૦નું મોટાભાગનું અંગ્રેજી સાહિત્ય વહેંચાયું. સેટેલાઈટ શાખાના વ્યવસ્થાપક દ્વારા, સ્વામીનીને ‘ધી ગ્લોરી ઓફ હ્યુમન લાઈફ’ તથા ‘ધી ઓનલી સોલ્યુશન ઓફ ઓલ પ્રોબ્લેમ્સ’ પુસ્તકો ભેટ આપવામાં આવ્યા.

અંગ્રેજી મેગેઝીન ‘અંખડ જ્યોતિ’ના મુખ્ય સારાંશ દરરોજ આપવામાં આવ્યા. પ્રો. આર.કે. ચોપ્રાએ બીજે દિવસે કહ્યું કે યુગઋષિના વિચારો ખરેખર અદ્‌ભુત છે. હું મારા આવતી કાલે ૭૦ વિદ્યાર્થીઓ પ્રવચનમાં આવશે તેઓ દરેકને ૬ પાનાનો સેટ ભેટ આપીશ.

સેટેલાઈટ શાખા સાથે જોડાયેલી - ૭૬ બહેનો, દરેકે એક-એક હજાર આપી વસંત પંચમી,



ડૉ. અતુલ ચોક્સીને પરમ પૂજ્ય ગુરૂદેવનું સાહિત્ય ભેટ આપી રહેલ સેટેલાઈટ શાખાના વ્યવસ્થાપકશ્રી

ફેબ્રુઆરી, ૨૦૧૧નાં રોજ પરમ પૂજ્ય ગુરૂદેવનાં શતાબ્દી મહોત્સવ દરમ્યાન ૩૮ હજાર પોકેટ બુક તેમનાં એરીયા માટે વહેચવાનો સહકાર આપ્યો. સેટેલાઈટ શાખા છેલ્લા ૩૨ વર્ષથી બ્રહ્મભોજમાં સાહિત્ય આપે છે. આ બધું શાખા સાથે જોડાયેલી બહેનોના સહકારથી જ શક્ય બન્યું છે. ✡

## બંને પગેથી અપંગ પ્રજ્ઞાપુત્રી પહોંચાડી રહ્યા છે ઘરે-ઘર ગુરૂદેવનો સંદેશ

**સૂરત (ગુજરાત)**

યુગઋષિની યુગ નિર્માણ યોજનાના દિવ્ય



પ્રજ્ઞા પુરાણ કથાનું રસપાન કરાવી રહેલ દમયંતિ બહેન તેમજ અન્ય

સંદેશને ઘેર-ઘર પહોંચાડવામાં આવી રહ્યો છે. નામી-અનામી બધાજ પરિજનો યોજનાને મૂર્તરૂપ આપવા માટે પ્રયાસો કરી રહ્યા છે, આમાંનુ એક નામ છે ‘પ્રજ્ઞાપુત્રી દમયંતીબેન’.

સુરત નિવાસી દમયંતીબેન બંને પગોથી અપંગ છે. પરમ પૂજ્ય ગુરૂદેવના સંદેશને વ્યાપક બનાવવા માટે તેઓ શાંતિ ઉપવન મહિલા મંડળ ચલાવી રહ્યા છે. મહિલા મંડળની બહેનો નિત્ય હવન-સંસ્કાર કરાવવા માટે શહેરમાં ઘરે-ઘર જાય છે. મિશનની અન્ય ગતિવિધિઓ જેવી કે સ્ટિકર અભિયાન, પર્યાવરણ સંરક્ષણ વગેરેમાં તેમના નેતૃત્વ હેઠળ ચલાવવામાં આવી રહી છે. પ્રજ્ઞાપુરાણના માધ્યમથી તેઓ લોકોમાં જન જાગૃતિ લાવવાનું કાર્ય કરે છે. જન્મ શતાબ્દીના ઉપલક્ષ્યમાં શાંતિ ઉપવન મહિલા મંડળના નામે એક લાખ રૂપિયાનું અનુદાન પણ તેઓ મોકલાવી ચુક્યા છે. ✡

## કપડવંજ વેદમાતા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા યોજાયેલ વિવિધ કાર્યક્રમો

### પ્રજ્ઞા પુરાણ કથા

તા- ૧૭ ડિસેમ્બર,૨૦૧૦ના રોજ કપડવંજ ગાયત્રી પરિવાર દ્વારા પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે પ્રજ્ઞાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

કથામાં આજુબાજુના ગામના શ્રદ્ધાળુ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. કથાનું રસપાન વડોદરાના શ્રીમતી મીનાબેન કાબરીયાએ કરાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ૧૦૦૦ જેટલા પરિજનોએ મંત્રદીક્ષા લીધી. ૩૦૦ જેટલા દેવસ્થાપન કરવામાં આવ્યા. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી જશુભાઈ મથુરભાઇ પ્રજાપતિ તથા મોટીઝેરના તમામ પરિજન ભાઈ બહેનોએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

### મહિલા ચેતના શિબિર

ખેડા જીલ્લા ગાયત્રી પરિવાર દ્વારા મહિલા ચેતના શિબિરનું આયોજન કપડવંજ ખાતે કરવામાં આવ્યુ હતું. વડોદરા ઉપઝોનના શ્રીમતી તારાબેન પંડ્યાએ ગુરૂદેવ અને જન્મ શતાબ્દી વિશે સુંદર માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. શ્રીમતી હસુબેન પાઠકે જન્મ શતાબ્દીમાં બહેનોની ભૂમિકા વિશે સુંદર સમજ આપી. શ્રીમતી સુરેખાબેન પટેલે આજની યુવાન દીકરીઓ અને પુત્રવધુઓની જવાબદારી વિશે સમજ આપી.

યોજાયેલ શિબિરમાં લગભગ ૩૦૦ બહેનોએ ભાગ લીધો હતો. ૨૦ જેટલા મહિલા મંડળોનું ગઠન કરવામાં આવ્યું. ગુરૂદેવના કાર્યને લક્ષ્ય સુધી પહોંચાડવા માટે સંકલ્પ લેવામાં આવ્યા.

કાર્યક્રમનું સફળ સંચાલન અને આભાર વિધિ રમીલાબહેન પ્રજાપતિએ કર્યુ.

### યુવા ચેતના શિબિર

ખેડા જીલ્લાના યુવાનોમાં જાગૃતિ લાવવા માટે યુવા ચેતના શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. શિબિરમાં યુવા કન્વિનર મહેન્દ્રભાઈ પટેલ, મહાગુજરાત હોસ્પીટલના ડૉ. અનીલભાઈ ઝા, ફીઝીક્સ પ્રોફેસર મૂકેશભાઈ ભટ્ટ, વકીલ અને નોટરી વિનોદભાઈ ગાડીએ યુવાનોને દિશા નિર્દેશ, યુવાનોનું કર્તવ્ય, જીવન પરીક્ષા એક ખેલ તેમજ ગ્રામ વિકાસમાં યુવાનોનું કર્તવ્ય, જીવન પરીક્ષા એક ખેલ તેમજ ગ્રામ વિકાસમાં યુવાનોની ભાગીદારી જેવા વિષયો ઉપર સુંદર માર્ગદર્શન આપ્યું.

આ કાર્યક્રમમાં ૨૦૦ જેટલા યુવાનોએ ભાગ લીધો હતો. ૧૧ યુવા મંડળોનું ગઠન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કપડવંજ ગાયત્રી પરિવાર દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતમાં જશુભાઈએ આભારવિધિ કરી. ✡

# જીલ્લામાં પ્રથમ વ્યસનમુક્ત વિદ્યાલય

**બુરહાનપુર (મધ્ય પ્રદેશ)**

ગાયત્રી પરિવાર દ્વારા શા.ઉ.મા. વિદ્યાલયને વ્યસન મુક્ત કરી વિદ્યાલયને




વિદ્યાર્થીઓને પ્રેરણા આપી રહેલ આચાર્ય

જીલ્લાનું પ્રથમ વ્યસન મુક્ત વિદ્યાલય બનાવવામાં આવ્યું. અન્ય વિદ્યાલયોમાં પણ આ પહેલ કરવામાં આવશે.

બુરહાનપુરનું શા.ઉ.મા. વિદ્યાલય બુરહાનપુર જીલ્લાનું એક એવું વિદ્યાલય બનાવવામાં આવ્યું છે, જ્યાં હવે કોઈ પણ વિદ્યાર્થી કોઈ પણ પ્રકારનું વ્યસન નથી કરતો. આદર્શ ગુરૂકુળ-વ્યસનમુક્ત વિદ્યાલય યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષથી આ વિદ્યાલયમાં ગાયત્રી પરિવાર યુવા પ્રકોષ્ઠ દ્વારા આ દિશામાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ કાર્યમાં શાળાના આચાર્ય પ્રાણવીર સિસૌદિયાનો ભરપુર સહયોગ રહ્યો. આ શહેરનું એવુ વિદ્યાલય છે જ્યાં ૧૫ % વિદ્યાર્થીઓ ઝુંપડપટ્ટીના નિર્ધન પરિવારોના છે. એક વર્ષ પહેલા જ્યારે આ વિદ્યાલયને ખોળે લેવામાં આવ્યું હતું, તો ત્યાંના ૮૦ % વિદ્યાર્થીઓ કોઈને કોઈ પ્રકારના વ્યસનના શિકાર હતા. આવા વિદ્યાલયને વ્યસન મુક્ત કરીને ગાયત્રી પરિવાર દ્વારા જીલ્લામાં એક આદર્શ રજુ કરવામાં આવ્યો છે.

વિદ્યાલયની પૂર્ણ વ્યસનમુક્તિના ઉપલક્ષ્યમાં તા-૨૩ ડિસેમ્બરના રોજ ત્યાં એક વ્યસન મુક્તિ પ્રદર્શની લગાવવામાં આવી હતી. આ ભવ્ય સફળતાથી ઉત્સાહિત આચાર્ય શ્રી પ્રાણવીર સિસૌદિયાએ આ અવસરે કહ્યું કે હવે આપણે આ અભિયાનને ગાયત્રી પરિવારના માધ્યમથી અન્ય વિદ્યાલયોમાં પણ લઈ જઈશું. વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ આ અવસરે શાળા પરિસરની બહાર લગાવવામાં આવેલ પાનના ગલ્લાઓને હટાવવાની માંગણી પણ કરી. શ્રી સંતોષ ભોંડેકરે જણાવ્યું કે સતત પ્રયાસો દ્વારા તેઓએ વિદ્યાર્થીઓને કેવી રીતે રચનાત્મક કાર્યોમાં લગાવીને પૂર્ણ રીતે વ્યસનમુક્ત કરવામાં સફળતા મેળવી છે. આ અવસરે વિદ્યાર્થીઓએ પોત-પોતાના અનુભવો પણ જણાવ્યા. વ્યસનમુક્ત આ વિદ્યાલયને સહારા સમય ચેનલ અને બીજા સમાચાર પત્રોએ એક આદર્શના રુપમાં પ્રકાશિત કરી.

## વિદ્યાર્થીઓએ પોત-પોતાના અનુભવો જણાવ્યા

### મોળી દાળ પણ તીખી લાગતી હતી

**સંજય બંસલ :** વિદ્યાર્થી સંજય બંસલે જણાવ્યું કે તે બે વર્ષથી વિમલ ગુટખાનું સેવન કરતો હતો. આ કારણે હંમેશા મોઢામાં ચાંદા પડી જતાં હતા, અને જીભ લાલ થઈ ગઈ હતી. એને મોળી દાળ પણ તીખી લાગતી હતી, પરંતુ શાળામાં ગાયત્રી પરિવારના ભાઈઓના સહયોગથી મારી વિમલ ખાવાની કુટેવ છુટી ગઈ છે.

### દાંત સડવા લાગ્યા હતા

**એક બીજો વિદ્યાર્થી :** હું પહેલા રોજ ૧૦ થી ૧૨ ગુટખાના પાઉચ ખાઈ જતો હતો. જેથી મારા દાંત પણ સડવા લાગ્યા હતા. મને પહેલા વ્યસનોથી થનારા નુકસાન વિશે જાણકારી ન હોતી. શાળામાં ગાયત્રી પરિવારના લોકોની મારફતે જાણકારી મળી તો મને મારી ભૂલ સમજાઈ અને ખરા સમયે ભૂલ સુધારી પણ લીધી. ✡

# સામાજીક પરંપરાઓ બદલાઈ રહી છે

## ગૂર્જર સમાજની પ્રશંસનીય પહેલ

### રુઢિયોને છોડીને પ્રગતિશીલ પરંપરાઓને અપનાવવા માટેના પ્રસ્તાવો સ્વિકારાયા

**સનાવદ, ખરગોન (મધ્ય પ્રદેશ)**

જાતીય સંગઠનો દ્વારા પ્રગતિશીલ પરંપરાઓને પ્રોત્સાહન આપવુ એ સમયની માંગ છે. યુગ સૈનિકોની સક્રિયતા અને પરમ પૂજ્ય ગુરૂદેવની સૂક્ષ્મ ચેતનાના પ્રભાવથી આ દિશામાં પરમ પૂજ્ય ગુરૂદેવે જે નિર્દેશ આપ્યા હતા, તે વિવિધ જાતીય સંગઠનો દ્વારા ખૂબ ઉત્સાહની સાથે સ્વીકારવામાં પણ આવી રહ્યા છે.

પાછલા દિવસોમાં સનાવદ નગરમાં ૧૨૦ ગામોમાં ગુર્જર જાતિના ભાઈ-બહેનોની મહાસભાનું આયોજન થયું. મહાસભાના અધ્યક્ષ પદ પર શ્રી તારાચંદ પટેલ (પૂર્વ સાંસદ) અને જોન સ્તર પર ગઠિત સમિતિઓના અધ્યક્ષ પદ પર શ્રી જગદીશ મોરાણિયા- પૂર્વ ધારાસભ્ય (બેડદ), શ્રી ભુવાનીરામ શાહ- સુલગામ, કેજરીલાલ પટવારિયા- બૈડિયા, ગોપીલાલ મુછાલા-કાનાપુર, આનંદીરામ ગઢીવાલે-ઢકલગામ, અનોકચંદ ઢોગાયા- કાલધાને સર્વસમ્મતિથી ચુંટવામાં આવ્યા. તમામ મહાનુભાવોએ સમયના સાદને સાંભળવા અને સમાજને સાચી દિશામાં આગળ લઈ જવાની વાત કહી. જેમાં સર્વ સમ્મતિથી નિમ્ન પ્રસ્તાવ રાખવામાં આવ્યા.

દરેક ગામમાં સમિતિઓની રચના કરી સાદગીપૂર્ણ દહેજ રહિત વિવાહ સમારોહ યોજવામાં આવે. પર્યાવરણની સુરક્ષા અને વ્યસનોના દુષ્પ્રભાવોને જોતા આ લગ્નોત્સવોમાં ફટાકડા ફોડવામાં નહી આવે અને ડીજેનો પ્રયોગ પણ કરવામાં નહી આવે.

સસ્તી લોકપ્રિયતા મેળવવાના ભ્રમ અને ભટકાવમાં ઉલઝીને જાતિ ભાઈઓને દિવસે દિવસે નિર્ધન અને કર્જદાર બનાવી રહેલ મૃત્યુભોજ અને આવી જ અન્ય પરંપરાઓને નિયંત્રિત કરવામાં આાવશે.

કુરીતિઓથી દૂર રહી બચેલા ધનને પોતાના ક્ષેત્રમાં શિક્ષા વિસ્તાર માટે સમાજ દ્વારા સંચાલિત શિક્ષણ સંસ્થાઓને સુદ્દઢ કરવા માટે નિયોજિત કરવામાં આવશે.

ગ્રામ અને જોન સ્તર પર રચવામાં આવેલ સમિતિઓમાં મહિલાઓને ૫૦ % પ્રતિનિધિત્વ આપવામાં આવશે. ✡

# ઉત્તરકાશી જીલ્લાના ગામોમાં દારૂબંધી, માંગલિક કાર્યક્રમોથી જ થશે વિવાહ

એક સમય હતો જ્યારે ઉત્તરાખંડમાં વિવાહો દાળ પિસવી, ભજીયાં બનાવવા, ચંદન-હલ્દી લગાવવી, મંગળ ગીતો ગાવા જેવી પરંપરાઓથી હૃદય ભાવવિભોર બની જતું હતું. સમયના પ્રભાવથી આ પરંપરાઓ આજે પૂર્ણ રીતે બદલાઈ ગઈ છે. હવે મહેંદી અને હલ્દીની રાત્રિઓ દારુ અને જાત-જાતના બીજા વ્યસનોથી મનાવવામાં આવે છે.

આ દિવસોમાં સમયે ફરીથી પડખું ફેરવ્યું છે. ગ્રામ ચેતના જાગી રહી છે. કેટલાય ગામોમાં આનો વિરોધ કરતાં જુની આદર્શ પરંપરાઓને અપનાવવાનો અને વ્યસનોનો સખત વિરોધ કરવાનો નિર્ણય લેવામાં આવે છે. ઉત્તરકાશી જીલ્લાના ગ્રામ સૈંજ, નૈતાલા, સૌરા, લાટા, ગંગોરી વગેરેમાં આ આશયના નિર્ણયો લેવાની સાથે પત્રિકાઓ છપાવીને ઘેર-ઘેર પહોંચાડી દીધા છે. ગ્રામવાસિઓએ નિર્ણય લિધો છે કે જે ઘરોમાં મહેંદીની રાતે દારૂનું સેવન થશે, ત્યાં ગ્રામવાસીઓ કોઈ પણ પ્રકારનો સહયોગ નહીં કરે. આ પત્રિકાઓમાં ડીજેની પરંપરા બંધ કરવા અને આદર્શ વૈવાહિક સંસ્કાર અપનાવવાનો આગ્રહ પણ કરવામાં આવ્યો છે.

પુષ્પા ચૌહાણ, મહાસ્વરી ભટ્ટ, મહાવીર સિંહ રાવત-ભલકા, ધર્મસિંહ રાવત કમાલ્ટી, યશપાલ સિંહ પાયલ, પ્રકાશચંદ્ર બહુગુણા, રામાસરે સિંહ વગેરેએ આ દિશામાં ઉંડી રૂચિ સાથે ઉત્સાહ વર્ધક પહેલ પણ કરી છે. ગાયત્રી પરિવારના શ્રી પ્રકાશચંદ્ર વડોલાના જણાવ્યાનુંસાર પાછલા દિવસોમાં ગાયત્રી પરિવારે લગ્નપૂર્વે દીપયજ્ઞ અને ભજન સંધ્યાના પ્રયોગ પણ કર્યા, જે ખૂબ-ખૂબ પસંદ કરવામાં આવ્યા. ✡

# ઠંડીથી થરથરતા, અસહાય અને વિકલાંગોને મળ્યો આશરો

પરમ પૂજ્ય ગુરૂદેવે સેવાના બે પ્રકાર જણાવ્યા છે. (૧) પીડા નિવારણ (૨) પતન નિવારણ. બંને પ્રકારની સેવાઓમાં આપણા પરિજનો સતત લાગેલા જ રહે છે. પતનોન્મુખ લોકોને સદ્જ્ઞાન અને સત્પરામર્શ આપીને ઉંચા ઉઠાવવામાં આવે છે, પરંતુ પીડિત લોકોની પીડાનું નિવારણ તો તેઓને સાધન-સહાયતા આપીને જ શક્ય બને છે. આપણી શાખાઓ અને શક્તિપીઠો આ બંને પ્રકારની સેવાઓમાં બરાબર સંલગ્ન રહે છે.

**ધનબાદ (ઝારખંડ)**

બસ્તાકોલા, ધનબાદ, ગાયત્રી પરિવાર ટ્રસ્ટના તત્વાવધાનમાં ગ્રામ કાશીટાંડમાં યજ્ઞોયોજનના માધ્યમથી જન જાગરણનો કાર્યક્રમ સંપન્ન થયો. આ અવસરે વિકલાંગો, અસહાયો અને નિર્ધન વિધવાઓને કામળા અને વસ્ત્રો વહેંચવામાં આવ્યા. આ સેવા કાર્યમાં પ્રો. ભરત પ્રસાદ, શ્રીમતી પૂર્ણિમા દેવી, મંટૂ ચૌધરી, શ્રી કેદારસિંહ, શ્રી એપી જયસિંહ સાથે તમામ ગાયત્રી પરિવારના સભ્યોએ સહયોગ આપ્યો.

**ઈલાહાબાદ (ઉત્તર પ્રદેશ)**

કુષ્ઠ રોગીઓને હંમેશા સમાજમાં ઉપેક્ષિત માનવામાં આવે છે. તેઓની સેવાતો દૂર, એમની પાસે જવામાં પણ લોગો આનાકાની કરવા લાગે છે. પરંતુ ગાયત્રી પરિવારના જ્ઞાનયજ્ઞ પ્રચાર સમિતિના કર્મઠ પરિજનોએ તા- ૫ ડિસેમ્બરના રોજ લેપ્રોસી મિશન કુષ્ઠ રોગ હોસ્પિટલ, નૈનીમાં જઈને કુષ્ઠ રોગિઓના ખબર અંતર પૂછ્યા. તેઓનો આત્મવિશ્વાસ વધાર્યો, ફળ-મિઠાઈ અને તમામને એક-એક કામળો ભેટ આપ્યો.



પૂણેના રેલવે સ્ટેશન પર દિયાનો સભ્ય કામળા વહેચી રહ્યો છે.

લગભગ ૨૫૦ રોગિઓને કામળા વહેંચવામાં આવ્યા. ગાયત્રી મહામંત્ર, મૃત્યુંજય મહામંત્ર અને સ્વસ્તિવાચનની સાથે દરેકને તિલક કરવામાં આવ્યું તથા સ્વાસ્થ્ય લાભ હેતું પ્રાર્થના કરવામાં આવી.

લેપ્રોસી મિશન ટ્રસ્ટ ઈંડિયના સુપ્રિટેંડેંટ ડૉ. સુરજીત પાલે તમામ કાર્યકર્ત્તાઓની પ્રશંસા કરતાં ધન્યવાદ પત્ર આપ્યો. કાર્યક્રમને સફળ બનાવવા માં સર્વશ્રી બાલકૃષ્ણ ગુપ્તા, દેવવ્રત સાહા રાય, તીર્થરાજ મિશ્રા, સંજય ગુપ્તા, એસપી વિશ્વકર્મા, ચંદ્રધર ત્રિપાઠી, ખલીલુલ રહેમાન, મો. શહજાદે, રત્નેશ કુમાર સિંહ, ઉમેશ પટેલ, જીવેન્દ્ર સિંહ, ડૉ.પવન, જગદીશ ત્રિપાઠી, રાજેશ મૌર્યા, રામબાબૂ ગુપ્તા, એસકે પાઠક, વિક્રાંત શ્રીવાસ્તવ, આરઆર વર્મા વગેરે પરિજનોનો પ્રશંસનીય સહયોગ રહ્યો.

**પુણે (મહારાષ્ટ્ર)**

પુણેના યુવા સંગઠન ‘દિયા’ના નવયુવકોએ સેવા કાર્યથી નવા વર્ષનો શુભારંભ કરતા એક અનુકરણીય ઉદાહરણ રજુ કર્યુ. યુવા કાર્યકર્ત્તા શ્રી રોહિત શ્રીવાસ્તવએ જણાવ્યુ કે રેલ્વે સ્ટેશનના પ્લેટ ફોર્મ પર અસહાય, ગરીબોને જોયા તો અમારુ મન દ્રવિત થઈ ગયું. ક્યાં અમારુ સુવિધા સંપન્ન જીવન અને ક્યાં આ લોકો, જેમને જમીન પર પાથરવા, ઓઢવાના સાધનો પણ ઉપલબ્ધ નથી. શરીર ઢાંકવા માટેના કપડા નથી. સેવા દલે રાહ જોયા વગર આ દરિદ્ર નારાયણોને પાથરવા માટે ચટાઈ, ઓઢવા માટે કામળા અને ગરમ કપડા વિતરિત કર્યા. સહાયતા મેળવ્યા પછી તેઓની આંખોની ચમકથી કૃતજ્ઞતાનો ભાવ ઝલકી રહ્યો હતો. સેવાદલે આ લોકોને સ્વચ્છતા રાખવા, આત્મ નિર્ભર બનવા અને બાળકોને શાળામાં મોકલવા માટે પ્રેરિત કર્યા. આ રીતે ‘દિયા’ના સ્વયંસેવકોએ નવવર્ષનો પ્રથમ દિવસ મનાવ્યો.



રાજનાંદગામે ગરીબોને આપવામાં આવ્યા કામળા

**રાજનાંદગામ (છત્તીસગઢ)**

પાછલા દિવસોમાં રાજનાંદગામ ગાયત્રી શક્તિપીઠના ઉદાર પરિજનો દ્વારા અસહાય, વિકલાંગ અને નિર્ધન લોકોને કામળા વિતરિત કરવામાં આવ્યા. દેશભરમાં ભીષણ ઠંડીનો પ્રકોપ તૂટી પડ્યો છે. આવામાં ઓછા સાધનોમાં ગુજરાન કરવા વાળા, ઝુંપડપટ્ટીમાં રહેવાવાળા લોકોને શક્તિપીઠના માધ્યમથી કામળા મળી જવાથી રાહત પહોંચી. આ પુણ્યાદાયી સેવાકાર્યમાં ભાઈ શ્રી અયોધ્યા, મહેન્દ્ર યોગેશ, સુરેશ અને સુહન નંદને વ્યવસ્થા બનાવવામાં સહયોગ કર્યો. નગરના શ્રદ્ધાળુ શ્રી સૂર્યકાંત ચિત્રલાંગ્યા, જુગલ લડકા, હરીશ ગાંધી, પ્રમોદ ખન્ના, શ્રી ઠાકુરજી, ભોલાનાથ દાંગાએ આગળ પડતો સહયોગ કર્યો. ✡

# રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞ યુગ પુરુષને આપવામાં આવી રહી છે : સંકલ્પ-સદ્ભાવની શ્રદ્ધાંજલિ

## જન્મભૂમિ ક્ષેત્ર દીપી ઉઠ્યુ

**આગરા (ઉત્તર પ્રદેશ)**

જીઆઈસી ગ્રાઉંડ આગરામાં તા- ૧૧ થી ૧૩ નવેમ્બરના રોજ યોજાયેલ રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞથી સમગ્ર ક્ષેત્ર નારી શક્તિના અભ્યુદયથી તરબોળ થઇ ગયું. નગરની મેયર સુશ્રી અંજુલા સિંહ માહૌરે કલશ પૂજન કરી કલશ યાત્રાના શ્રી ગણેશ કર્યા. ત્યારપછી આખા શહેરમાં 'રાષ્ટ્રની શક્તિ નારી છે-પરિવારની શક્તિ નારી છે-દુર્ગા શક્તિ નારી છે' ના જયઘોષ ગુંજી ઉઠ્યા.

આ કાર્યક્રમના આયોજકોના પ્રયાસો ખૂબ સફળ રહ્યા. શાંતિકુંજથી પહોંચેલ ટોળી નાયક શ્રી જગન્નાથજીએ આજની વિપરીતતાઓ પર પ્રકાશ ફેંકતા જણાવ્યું કે યુગઋષિએ રાષ્ટ્રને હતાશા-નિરાશાના ઘોર અંધકારમાંથી ઉગારી લેવા એવી પ્રાણવાન દેવાત્માઓનું આહ્વાન કર્યુ છે, જે ઇશ્વરીય ચેતના પર દૃઢ વિશ્વાસ રાખીને સમાજની સામે પરમાર્થ પરાયણતાનો આદર્શ રજુ કરી શકે.

કાર્યક્રમમાં સંસ્કાર પરંપરા પ્રત્યે ભરપૂર ઉત્સાહ હતો. વિદ્યાલયના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ અને મુસ્લિમ બાળકોએ પણ સંસ્કાર કરાવ્યા, દીક્ષા લીધી. માનવતાના પક્ષધર મુહમ્મદ સાહેબ-કાજી-એ-શહર, આગરાએ મિશનની ગતિવિધિઓની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે ધર્મના અનુયાયીઓએ નફરતની દીવાલોને તોડી નાખવી જોઇએ.

રાષ્ટ્ર જાગરણ દીપ મહાયજ્ઞએ સમગ્ર પરિસરમાં દિવ્યતાનો સંચાર કરી દીધો. મંડપ જનમેદનીથી ખચાખચ હતો. લોકોના મનમાં પણ આસ્થાના દીપ દીપી ઉઠ્યા. પોતાના ક્ષેત્રમાં જન્મેલ એક દિવ્ય વિભૂતિની જન્મ શતાબ્દી પર રાષ્ટ્રના ઉત્કર્ષ માટે પોતાનુ ભાવભર્યુ યોગદાન આપવા માટે સૌએ સંકલ્પ લીધા.

કાર્યક્રમમાં લાગેલી ચિકિત્સા પરામર્શ શિબિરમાં ડૉ. અરવિંદ મિશ્રાની સેવાઓનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો. શ્રી રવિસિંહ ઇંદૌલિયાએ યોગ પ્રશિક્ષણ આપ્યું. જીલ્લા સમન્વયક શ્રી ઉમેશ કુલશ્રેષ્ઠ, કાર્યક્રમ સંયોજક શ્રી એચકે બઘેલ તેમજ શ્રી હીરાસિંહ ફૌજદારે મુખ્ય જવાબદારી સંભાળી. સુનીતા અને દુર્ગેશ વ્યાસ, મહેશ અગ્રવાલ, રઘુવીર સિંહ બઘેલ, એસકે ત્રિપાઠી, અશોક શર્મા, સંજય ખિરવાર વગેરેએ પ્રમુખ વ્યવસ્થાઓ સંભાળી હતી. ✡

**ઉદયપુર (રાજસ્થાન)**

ઉદયપુર જીલ્લાનો જિલ્લા કક્ષાનો રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞ કાર્યક્રમ સરાડા તાલુકાના સમારી ગામમાં તા- ૧૬ થી ૧૮ ડિસેમ્બરની તારીખોમાં સંપન્ન થયો. દીપયજ્ઞના પ્રસંગ ઉપર જાણે આખુ ગામ ઉમટી પડ્યું. લગભગ ૧૦૦૦ લોકોએ કાર્યક્રમમાં ભાગ લીધો. ૭૦ દીક્ષા અને ૫૦થી વધું બીજા સંસ્કારો સંપન્ન થયા. કાર્યક્રમ સંચાલન માટે શાંતિકુંજથી શ્રી વિનોદ ભટ્ટની ટોળી પહોંચી હતી. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો કે તાલુકા અને ગ્રામ્ય સ્તરની શૃંખલાઓ પણ સરાડા તાલુકામાં ચાલી રહી છે.

**મહરૌની, લલિતપુર (ઉ. પ્ર.)**

મહરૌની શાખા જન્મ શતાબ્દીના પ્રયાજ ક્રમમાં યજ્ઞ-દીપયજ્ઞોની શ્રંખલા ચલાવી રહી છે. એડવોકેટ મહિપાલ સિંહના નેતૃત્વમાં ચાલી રહેલ આ શૃંખલામાં યુવકોને વ્યસનમુક્ત કરવા, સંસ્કાર પ્રધાન અને ઓછા ખર્ચાળ લગ્ન કરવા, રાષ્ટ્રના ઉત્કર્ષ માટે નિયમિત રૂપથી ભાગીદારી કરવા જેવા સંકલ્પો અપાવવામાં આવી રહ્યા છે.

## જ્ઞાનદીપથી ઝગમગી રહ્યું છે જીવન

**માતૃકુંડિયા, ચિત્તોડગઢ (રાજ.)**

'જીંદગી હવન કરે, ચલો સમાજ કે લિયે' આવી જ ઉદાર ભાવનાઓની સાથે યુગધર્મ નિષ્ઠાનો એક આદર્શ પ્રસ્તુત કરી રહ્યા છે માતૃકુંડિયા નિવાસી શ્રી મુરલીધર શર્માજી.

જલદાય વિભાગમાં સેવારત શ્રી મુરલીધરજી ચાર જીલ્લાઓ- ભીલવાડા, ચિત્તોડગઢ, ઉદયપુર અને રાજસમંદમાં નિરંતર જનસંપર્ક કરતા રહે છે. દેસવિવિ. નિમિત્તે તેઓએ આ જીલ્લાઓમાં ૬૦૦ જ્ઞાનઘટની સ્થાપના કરાવી, જેનુ અંશદાન તેઓ શાંતિકુંજ નિયમિત રૂપથી મોકલતા રહે છે. આ સંપર્ક અભિયાનમાં મુખ્ય કાર્ય છે જ્ઞાનયજ્ઞ. પાક્ષિક પ્રજ્ઞા અભિયાનના ૧૦૦ સદસ્યો બનાવવા સિવાય ૩૦૦ અખંડ જ્યોતિ અને એટલાજ યુગ નિર્માણ યોજના પત્રિકાઓના સદસ્ય તેઓએ બનાવ્યા છે. લોકો સાથે નિરંતર સંપર્ક કરે છે. લોકો જ્યારે મિશનની પત્રિકાથી બદલાતા વિચારો અને જીવનની ચર્ચા કરે છે તો એક શિષ્યનું અંતસ્ પોતાના જીવનની ધન્યતા અનુભવ કરવા લાગે છે.

સન્ ૧૯૭૧માં ભીલવાડામાં થયેલ સહસ્ર કુંડી ગાયત્રી મહાયજ્ઞના અવસરે સ્વયં પરમ પૂજ્ય ગુરૂદેવ-વંદનીય માતાજી પાસેથી દીક્ષા લીધી અને સન્ ૮૯માં શાંતિકુંજમાં પ્રતિનિધિ દીક્ષા લીધા પછી પોતાનું જીવન સમાજના નવનિર્માણ માટે સમર્પિત કરી દીધું. તેઓ માતૃકુંડીયા ગાયત્રી શક્તિપીઠના મેનેજીંગ ટ્રસ્ટી પણ રહી ચુક્યા છે. ✡

## ઇંદૌર ક્ષેત્રમાં ભવ્ય શુભારંભ

**ઇંદૌર (મધ્ય પ્રદેશ)**

જન્મ શતાબ્દીના રાષ્ટ્ર જાગરણ આયોજનોની શ્રૃંખલામાં ઇંદૌર શહેરનો પ્રથમ કાર્યક્રમ તા-૨૯ નવેમ્બરથી ૧ ડિસેમ્બરની તારીખોમાં ઇંદૌરના રણજીત હનુમાન મંદિરના પ્રાંગણમાં સંપન્ન થયો. શાંતિકુંજથી આવેલ શ્રી શ્યામા સુંદર શર્માની ટોળીએ નાના-નાના કથા પ્રસંગો અને પ્રેરણાપ્રદ દૃષ્ટાંતોના માધ્યમથી યુગઋષિનો સંદેશ આપતાં શ્રોતાઓનુ મન જીતી લીધુ હતું. ૧૦૮ વેદીય દીપમહાયજ્ઞમાં નજીકની કેટલીય કોલોનીઓના લોકોએ ભાગ લીધો હતો.



શ્રી શ્યામસુંદર શર્માજીએ વ્યક્તિગત અને સામાજીક કુરીતિયો સામેના સંઘર્ષને મહાભારત જેવું બતાવ્યું. તેમણે જણાવ્યુ કે જ્યાં સુધી દરેક વ્યક્તિ આ મહાભારતનો અર્જુન બનવાનો ઉત્સાહ નથી બતાવતો, ત્યાં સુધી સતયુગી સમાજની કલ્પના સાકાર નહીં થાય. દહેજ, નશો, છોકરા-છોકરીમાં ભેદ, જાતિવાદ જેવી અનેકાનેક પરંપરાગત રૂઢિઓ કોઇ વિદેશી શત્રુથી પણ વધારે જોખમી છે. સુખી જીવન અને વિકસીત રાષ્ટ્રની ઇચ્છા રાખનાર દરેક વ્યક્તિએ આના વિરૂદ્ધ સંઘર્ષ કરવો પડશે.

ક્ષેત્રીય ધારાસભ્ય શ્રીમતી માલિની ગૌડ, જનપ્રતિનિધિ શ્રી શંકર લલવાની, ઘનશ્યામ શેર, સમાજસેવી શ્રી મનોહર રાઠૌડ સાથે કેટલાય લોકોએ રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞમાં પોતાની શ્રદ્ધાંજલિ અર્પિત કરી. શક્તિપીઠ કેશરબાગે કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. જીલ્લા સંયોજક શ્રી રાજેશ પટેલ સાથે બધાજ સમર્પિત પરિજનોના અથાગ પરિશ્રમ થકી કાર્યક્રમને સફળતા મળી હતી. ✡

## સૈનિકોમાં થયો યુગ નિર્માણી સંચાર

**રુડકી (ઉત્તરાખંડ)**

જન્મ શતાબ્દીના પ્રયાજ ક્રમમાં આખા હરિદ્વાર જીલ્લાનું સઘન મંથન ચાલી રહ્યુ છે. રાષ્ટ્ર જાગરણના આ અભિયાનથી પ્રભાવિત કેપ્ટન ગોવિંદ પ્રસાદ બડથ્વાલે એક કાર્યક્રમ ૪ અને ૫ ડિસેમ્બરના રોજ સૈનિક બહુલ ક્ષેત્ર અશોક નગરના સ્વ. નીમાદેવી કાલા વિદ્યાલયમાં આયોજીત કરાવ્યો. આને સંપન્ન કરવા શ્રી દેવશંકર શર્મા, શ્રી સુનીલ શર્મા, શ્રી રમાકાંત ખરે અને શાંતિકુંજની બહેનોની ટોળી પહોંચી હતી.

શિવમંદિર ઢંઢેરા પર શ્રી સતીશ કોઠારીએ કળશ પૂજન કરી કળશ યાત્રાનો શુભારંભ કર્યો. પ્રન્સીપલ શ્રી હરપ્રકાશ કાલા અને સાથિયોએ યજ્ઞ સ્થળે શક્તિકળશોનું આરતી-પૂજનની સાથે ભાવભર્યુ સ્વાગત કર્યું. સાંજના સમયે દીપયજ્ઞ થયો. શાંતિકુંજ પ્રતિનિધિઓએ સૈનિકોમાં જોશ અને રાષ્ટ્રપ્રેમના ભાવસુમન અર્પિત કરતા દેશને માનસિક પરાધીનતાથી ઉગારવા માટે યુગઋષિ દ્વારા આરંભ કરવામાં આવેલ વિરાટ આધ્યાત્મિક અભિયાનમાં પણ ભાવભર્યુ યોગદાન આપવાનું આહ્વાન કર્યુ.

સવારે પંચકુંડી યજ્ઞ થયો. શાંતિકુંજની બહેનોએ આનુ સંચાલન કર્યુ. શ્રીમતી શોભા ગૌડે રાષ્ટ્ર નિર્માણના સંકલ્પની સાથે વિશેષ આહુતિઓ સમર્પિત કરાવી. નવી ટેહરીથી પધારેલ ડૉ. બીએન જોશીએ પણ શ્રદ્ધાળુઓને સંબોધિત કર્યા.

સર્વશ્રી ગોપાલ સિંહ બિષ્ટ, ચૌધરી વિજયપાલ સિંહ, શ્રીમતી બલવિંદર કૌર શર્મા, શ્રી બૂલચંદ (લકસર), શ્રી પરમેન્દર સિંહ (શિકારપુર) વગેરેનો વિશેષ સહયોગ રહ્યો.

ન્યૂ મોહનપુરા રુડકીમાં આવા જ એક બીજા કાર્યક્રમનું આયોજન નવયુવક શ્રી વરુણ અને તેમના સાથીઓ યોગેશ કુમાર, દીપક ચૌહાણ, વિકાસ દાસ, અમિત પાલ, કપિલ શાહ, અમિત સુંદરિયાલ, પ્રકાશ યાદવ વગેરેએ કર્યુ હતું. શ્રીમતી કમલેશ પ્રધાનાચાર્ય આશુ પબ્લિક ઇં. કોલેજનો વિશેષ સહયોગ મળ્યો. ૩૨ દીક્ષા અને યજ્ઞોપવિત, ૨૮ વિદ્યારંભ અને બીજા સંસ્કારો સંપન્ન થયા. ✡



યજ્ઞ કરાવી રહેલ શાંતિકુંજની બ્રહ્મવાદિની બહેનો

## દત્તક લીધેલ ગામોમાં વિકાસના સૂત્રો પર ચર્ચા થઇ

**મુલતાઇ, બૈતૂલ (મધ્ય પ્રદેશ)**

કાર્તિક પૂર્ણિમાના પાવન અવસર પર મુલતાઇ શાખાએ આદર્શ ગ્રામ વિકાસ માટે દત્તક લીધેલ ગામ કરજગાંમમાં રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞનું આયોજન કર્યુ. આ અવસર પર સપ્ત આંદોલનોના કાર્યાન્વિત કરવાની પ્રેરણાની સાથે ગ્રામવાસિયોના હિતાર્થે કરવામાં આવનાર કાર્યોની માહિતી ગાયત્રી પરિવાર દ્વારા આપવામાં આવી.

દીપયજ્ઞમાં રાષ્ટ્રના ઉત્કર્ષ માટે પરમ પૂજ્ય ગુરૂદેવની યુગ નિર્માણ યોજનામાં ભાવભરી ભાગીદારીના સંકલ્પ કરવામાં આવ્યા. શ્રી નારાયણ દેશમુખે સપ્ત આંદોલનો પર પ્રકાશ ફેંક્યો. ડૉ. યૂજી દેશમુખે નશા નિવારણના ઉપાયો બતાવ્યા અને ગ્રામવાસિયોને નશાથી દૂર રહી આત્મ કલ્યાણના માર્ગે પ્રશસ્ત થવાની પ્રેરણા આપી. શ્રી જી.આર. ચિલ્હાટેએ યુગઋષિની જન્મ શતાબ્દીના મહત્વ પર પ્રકાશ પાડ્યો. વરિષ્ઠ પ્રતિનિધિઓએ જાન્યુઆરી ૨૦૧૧માં સ્વાસ્થ્ય શિબિર લગાવવા અને આગામી દિવસોમાં કુટીર ઉદ્યોગોના પ્રશિક્ષણ શિબિર લગાવવાની જાણકારી આપી. ✡

## જ્ઞાન ઈંસ્ટીટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાં વાંગ્મય સ્થાપના

**લખનૌ (ઉત્તર પ્રદેશ)**

જ્ઞાન ઈંસ્ટીટ્યૂટ ઓફ ટેક્નોલૉજીમાં તા-૨૦ નવમ્બરના રોજ યોજાયેલ એક વિશેષ સમારોહમાં યુગઋષિ પં. શ્રીરામ શર્મા આચાર્યજીના સમગ્ર વાંગ્મયની સ્થાપના કરવામાં આવી. સમારોહના મુખ્ય અતિથિ શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી વીરેન્દ્ર તિવારીએ આ પ્રસંગે પર યુગ સાહિત્યની વિશેષતાઓ પર પ્રકાશ ફેંકતા આને મેનેજમેન્ટ-ના વિદ્યાર્થીઓ માટે એક ઉત્તમ પથ પ્રદર્શક બતાવ્યું.



જ્ઞાન ઈન્સ્ટીટ્યૂટ ઑફ ટેક્નોલૉજીમાં સભાને સંબોધી રહેલ શાંતિકુંજ પ્રતિનિધિ

શાંતિકુંજ પ્રતિનિધિએ કહ્યું કે વ્યસ્ત દિનચર્યા, કામના અત્યધિક દબાવની સાથે આજે વ્યક્તિની ગગનચુંબી મહત્વાકાંક્ષાઓ જીવનનો સ્વાભાવિક આનંદ ઝુંટવી રહી છે. જીવનના સાચા જ્ઞાનના અભાવના કારણે વ્યક્તિ ચિંતા, તણાવ, અવસાદથી ઘેરાયેલ રહે છે. પરમ પૂજ્ય ગુરૂદેવનું સાહિત્ય વ્યક્તિને જીવનનું સાચું મૂલ્યાંકન કરી તેને ખુશખુશાલ બનાવવા અદ્વિતીય પ્રેરણા પ્રદાન કરે છે. આ સાહિત્ય જીવનના ઉત્કર્ષ અને સમાજના સ્વસ્થ વિકાસ માટે પથ પ્રદર્શન કરશે.

સંસ્થાના નિર્દેશક પ્રો. આર. કે. ત્રિપાઠીજીએ આશા વ્યક્ત કરી છે કે આ સત્સાહિત્ય મેનેજમેન્ટના યુવા વિદ્યાર્થીઓને નવી દૃષ્ટિ અને દિશા આપશે અને તેમની કેળવણીને પૂર્ણતાની તરફ અગ્રેસર કરશે.

આ વાંગ્મય ગાયત્રી જ્ઞાન મંદિર, ઈંદિરા નગર લખનૌના શ્રી દુર્ગેશ મિશ્રાના સૌજન્યથી ભેટ કરવામાં આવ્યો. સમારોહમાં શ્રી ઉમાનંદ શર્માએ વાંગ્મય સ્થાપના અભિયાનની જાણકારી આપી. આ અવસર પર સર્વશ્રી દેવતા પ્રસાદ શર્મા, દુર્ગેશ મિશ્રા, શ્રીમતી મુન્ની દેવી વર્મા, ઉદયભાન સિંહ ભદૌરિયા, સંસ્થાના સભ્ય અને વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. આ કાર્યક્રમથી લખનૌના તમામ પરિજનોનો ઉત્સાહ વધી ગયો હતો. ✡

## ગ્રામીણોને આપવામાં આવી તાલીમ

**માતલી-ઉત્તરકાશી (ઉત્તરાખંડ)**

જન્મ શતાબ્દી વર્ષમાં રાષ્ટ્ર જાગરણ અભિયાનને ગતિ આપવા માટે ઉત્તરકાશી જિલ્લાએ ઠેર-ઠેર તાલીમ શિબિરોનુ આયોજન કરી સ્થાનિક સમર્પિત પરિજનો અને ભાવનાશીલ ગ્રામીણોને વિભિન્ન કાર્યક્રમ કરાવવાની યોગ્યતા પ્રદાન કરવાનો ક્રમ આરંભ કર્યો છે. એવી જ એક તાલીમ શિબિર ૨૨ નવેમ્બર થી ૧ ડિસેમ્બરની તારીખોમાં માતલી ગામમાં યોજાઈ હતી. એમાં સ્થાનિક ગ્રામીણો અને વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો.

શ્રી રમેશચંદ્ર મમગોઈ તથા શ્રી અનંત મિશ્રાએ તાલીમ આપી. ૧૦ દિવસના લાંબા સાનિધ્યમાં લોકોએ મિશનને ઉંડાણથી સમજ્યા. તાલીમાર્થીઓએ દીક્ષા લીધી અને તા-૩૦ નવેમ્બરના રોજ સ્વયં રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞનું સંચાલન પણ કર્યું. શિબિરનું આયોજન શ્રી જયસ્વરૂપ બહુગુણા અને શ્રી કન્હૈયાલાલ નૌટિયાલે કર્યું હતું. ✡

## ગુરુસત્તા પાવન સ્મૃતિઓની સાથે આદિવાસી વિસ્તારનું મંથન

**જશપુર (છત્તીસગઢ)**

છત્તીસગઢના છેવાડે આવેલ વનાંચલ જશપુરના પ્રાણવાન પરિજન પૂજ્ય ગુરુદેવના જન્મશતાબ્દી વર્ષમાં વિચાર ક્રાંતિનો ઝંડો લહેરાવી રહ્યા છે. ખરેખર ગીચ જંગલો અને દુર્ગમ પહાડીઓની વચ્ચે રહેવાવાળા પહાડી કોરવા, ઉરાંવ તથા અન્ય જનજાતિના આદિવાસીઓની શ્રદ્ધા-ભક્તિનું સ્વયં પરમ પૂજ્ય ગુરુદેવે ભરપૂર સન્માન કર્યું છે. જિલ્લાની સક્રિયતાનું કેન્દ્ર ગાયત્રી શક્તિપીઠ જશપુરની ભૂમિ પરમ પૂજ્ય ગુરુદેવના નામે રજીસ્ટ્રેશન થયેલ છે અને સ્વયં ગુરુદેવે જ એની પ્રાણપ્રતિષ્ઠા કરી છે.

જશપુરને મળેલ મહાકાલ સ્વરૂપ સ્વયં પરમ પૂજ્ય ગુરુદેવના પ્રેમનો ત્યાંના પ્રાણવાન પરિજનોએ પણ ભરપૂર પ્રતિભાવ આપ્યો છે. પત્થલગાઁવ નગર અને જશપુરમાં ૨૪ તથા ૧૦૮ કુંડીય ગાયત્રી મહાયજ્ઞો સહિત આખા જિલ્લાના અનેક સ્થળો પર વિશાળ ગાયત્રી મહાયજ્ઞોના આયોજનો થઈ ગયા છે.

પૂજ્ય ગુરુદેવની જન્મ શતાબ્દીની મંગળવેળામાં વિચાર ક્રાંતિ અભિયાન એ જ ઉત્સાહની સાથે કાર્યરત છે. ઓક્ટોમ્બર મહિનામાં પત્થલગાઁવમાં રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞ સંપન્ન થયો. જેમાં આખા જિલ્લાના પરિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. એના પહેલાં રાજનાંદગાઁવની બહેનોની ટોળી દ્વારા વિકાસખંડના આઠે ગામોમાં પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન રાખવામાં આવ્યું હતું. શેખરપુર ગામમાં ત્રણ દિવસીય શિબિર રાખવામાં આવી હતી. જેમાં ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્થાનિક ધારાસભ્ય શ્રી રામપુકાર સિંહે પત્થલગાઁવના રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞના સમાપન સમારોહમાં ઉપસ્થિત થઈ સર્જન સૈનિકોના સંકલ્પ અને ઉત્સાહની પ્રશંસા કરી, સરકારી સહયોગનું આશ્વાસન આપ્યું. ✡

## જ્ઞાનયજ્ઞ કરી શ્રદ્ધાંજલિ આપી તથા જન્મદિવસ મનાવ્યો

**બ્યાવરા-રાજગઢ (મધ્યપ્રદેશ)**

પરમ પૂજ્ય ગુરુદેવ તથા મિશન પ્રત્યે અનન્ય ભાવથી સમર્પિત કુ.સુનીતા ભાર્ગવ પોતાના સ્વ.પિતાની પાવન સ્મૃતિઓ તથા પોતાના જન્મદિવસની ખુશીઓને સમાજની જ્ઞાન સંપદા બનાવી રહી છે. જન્મ શતાબ્દી વર્ષમાં પરમ પૂજ્ય ગુરુદેવના જ્ઞાન વિસ્તારના આવાહનને જોતાં તેમણે પાછલા વર્ષે બ્યાવરા સરકારી કન્યા મહાવિદ્યાલયના પુસ્તકાલયમાં પાંચ હજાર રૂપિયાનું યુગ સાહિત્ય સ્થાપિત કરાવ્યું હતું અને આ વર્ષે દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય માટે આ અનુદાન મોકલાવ્યું છે. કન્યા મહાવિદ્યાલયમાં સાહિત્ય સ્થાપનાની સાથે તેમણે પોતાના સમાજને ખુશીના અવસર પર ભોજ અને ખોટાખર્ચાઓથી બચેલ ધનને સમાજોપયોગી કાર્યોમાં લગાવવાની પ્રેરણા આપી. ✡

## બાળકની જીવન રક્ષણ માટે સહાયતા

**મુજગહન -ધમતરી (છત્તીસગઢ)**

મુજગહન ગાયત્રી પ્રજ્ઞા મંડળે રત્નાબાંધા ગામની શ્રીમતી લીલાબાઈ તથા સંતોષ તંબોલીના આઠ વર્ષીય બીમાર પુત્ર લોમેશની આર્થિક સહાયતા કરવાની સાથે એના સ્વાસ્થ્ય લાભ માટે ભાવભરી પ્રાર્થના કરી. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે મજૂરી કરી જીવનવ્યાપન કરવા વાળા સંતોષજીનો પુત્ર હૃદયરોગનો દર્દી છે. દાનદાતાઓના ઉદાર સહયોગથી ઑપરેશન થવાથી જ એનું જીવન બચી શકશે. મુજગહન પ્રજ્ઞા મંડળે ધનવન્તરી નાગ તથા અન્ય સભ્યો અને ઉપ સરપંચ હોમેશ્વર સાહુએ રત્નાબાંધા જઈને એ પરિવારને ૧૧૦૦ રૂપિયાનું અનુદાન આપ્યું. ત્યારબાદ ધુનાદાસ મંદિર પ્રાંગણમાં પ્રાર્થનાની સાથે અન્ય લોકોને પણ ઉદાર સહયોગ કરવા આવાહન કર્યું. ✡

## પૂર્વોત્તર ભારતમાં જન્મ શતાબ્દી સંદેશ

પરમ પૂજ્યની જન્મ શતાબ્દીમાં પૂર્વોત્તર ક્ષેત્રની ભાગીદારી વધારવા માટે વિશેષ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. પૂર્વોત્તર જોન પ્રભારી ડૉ. ગોપીવલ્લભ પાટીદારના માર્ગદર્શનમાં ત્યાં અનેક કાર્યક્રમોનું આયોજન કરી જનમાનસને યુગધર્મના નિર્વાહ માટે પ્રેરિત-પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. આ શૃંખલામાં શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ આદ. શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજીના કેટલાક વિશેષ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યા હતા.

ગુવાહાટી, અરુણાચલના ઈટાનગર, નિર્જુલી, દોઈમુખ, ભૂટાનની સીમા પર લાગેલ જયગામ અને સિલીગુડીમાં આદરણીય શ્રી ઉપાધ્યાયજીની સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેમણે જીવનમાં પરમાર્થ ભાવનાનો વિકાસ અને ચરિત્ર નિર્માણ પર વિશેષ જોર આપ્યું હતું. સ્વતંત્રતા સંગ્રામનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે કેટલાક વિશેષ અવસર હોય છે, જેનો સદુપયોગ કરતા અભીષ્ટ દિશામાં ભવ્ય પ્રગતિ કરી શકાય છે.

**તે લોકો ધન્ય થઈ ગયા, જેમણે રાષ્ટ્ર દેવતાનો સાદ સાંભળી સ્વતંત્રતા સંગ્રામમાં પોતાની આહુતિઓ સમર્પિત કરી.**

પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી આવો જ વિશેષ અવસર છે. આજે ભારતમાતા ભ્રષ્ટાચાર, આતંક, અનાચાર, અત્યાચારથી ત્રાહિ-ત્રાહિ રહ્યા છે. આ સમયે આપણે એ યુગઋષિની જન્મ શતાબ્દી મનાવવા જઈ રહ્યા છીએ, જેમણે આ મુશ્કેલીઓને ખૂબ પહેલા ઓળખીને એમના નિવારણ માટે યુગ નિર્માણ આંદોલનનો શુભારંભ કરી દીધો હતો. જન્મ શતાબ્દી ઉજવવાનો આશય આ દિશામાં જાગરુક આત્માઓની શક્તિને એક સાથે તેના નિવારણમાં લગાવીને મોટી સફળતા મેળવવાનો છે. જો આપણે ઉજ્જવળ ભવિષ્યની ઈચ્છા રાખતા હોઈએ તો આપણે યુગઋષિના જન્મ શતાબ્દી વર્ષમાં પોતાની સર્જનાત્મક ક્ષમતઓનો સાચી દિશામાં પ્રયોગ કરી યુગઋષિને ભાવભરી શ્રદ્ધાંજલિ સમર્પિત કરવી જોઈએ. ✡

## જાગ ગઈ ગ્રામ ચેતના

**જગતસિંહપુર (ઓરીસ્સા)**

જગતસિંહપુર જિલ્લાના ચૂના બિલારી ગામના લોકોએ ગાયત્રી પરિવારની પ્રેરણાથી ૨૪ ગાયત્રી મહામંત્ર જપનું સામૂહિક અનુષ્ઠાન કર્યું. આ અનુષ્ઠાન ૧૦ થી ૧૫ નવેમ્બરની તારીખોમાં સાંજના સમયે ૪ થી ૬ વાગ્યા સુધી જપ કરીને કરવામાં આવ્યું. ગામની સંધ્યાદાસ, નિરંજન સંગીતા, ભરતભાઈ,સેવતી, ટિકના ઝૂની વગેરે એ ગામના ઘરે-ઘરે જપ, દીપયજ્ઞ, મંત્રલેખન અભિયાન ચલાવીને ત્યાં સ્ટીકર-પોસ્ટર લગાવ્યા, સાહિત્ય વહેંચ્યું, દીવાલો પર સદ્વાક્ય લખ્યા, ૨૦૦ તુલસીના છોડ રોપ્યા. પ્રતિદિન પ્રભાતફેરી કાઢવામાં આવી. આ તમામ ગતિવિધિઓના માધ્યમથી બનેલ વાતાવરણના પ્રભાવથી ગ્રામવાસીઓ દ્વારા ૨૪ લાખ મંત્ર જપનું અનુષ્ઠાન સંપન્ન થયું. અનુષ્ઠાનની પૂર્ણાહુતિ દીપયજ્ઞ સાથે કરવામાં આવી. ✡

## સમયદાન-અંશદાનના સંકલ્પ

**દુર્ગ (છત્તીસગઢ)**

વિપરિત વાતાવરણમાં યોજાયેલ વિરાટ રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞમાં મળેલ જોરદાર સફળતાએ ઋષિયુગ્મની સૂક્ષ્મ ઉપસ્થિતિનો અહેસાસ કરાવેલ. આ મહાયજ્ઞમાં ૨૪૦૦થી વધારે નૈષ્ઠિક કાર્યકર્તાઓએ પોતાના સમયદાન-અંશદાનથી શતાબ્દી સમારોહમાં પ્રમુખ ભાગીદારી કરવાના સંકલ્પો લીધા.

આ મહાયજ્ઞ ૬ થી ૮ ડિસેમ્બરની તારીખોમાં યોજાયો હતો. જેની ભવ્ય શોભાયાત્રાએ આખા શહેરને રાષ્ટ્ર જાગરણ મહોત્સવનું આમંત્રણ આપ્યું. નશા નિવારણની ઝાંખીઓ ખૂબ જ લોકપ્રિય અને પ્રેરક રહી. સ્કૂલના બાળકોએ યુગ સાહિત્યમાં ભરપૂર રૂચિ લીધી. ✡

## બંને પગોથી અપંગ મહિલા આપી રહી છે ૧૩૦ અનાથ બાળકોને આશરો

કેટલાક ને નાની નાની મુશ્કેલીઓ પણ પહાડ જેવી લાગતી હોય છે તો કેટલાક લોકો એવા પણ હોય છે જે અડગ વિશ્વાસ થકી પહાડ જેવા અવરોધોને પણ કૂદી જાય છે. આવા જ શૂરવીરોમાંથી એક છે ચીનની ૫૫ વર્ષિય મહિલા જૂ યૂહુઆ. પોતે બંને પગોથી અપંગ છે, પરંતુ અનાથાલયના ૧૩૦ બાળકોને પાળી-પોષી રહી છે.

જૂ યૂહુઆ જ્યારે ૧૨ વર્ષની હતી, ત્યારે એક રેલ અકસ્માતમાં તે પોતાના બંને પગ ગુમાવી બેઠી. ૧૭ વર્ષની થતાં-થતાં તે પોતાના માતા-પીતાને પણ ગુમાવી ચુકી. હવે તેનુ કોઈ નહોતું.

જૂ યૂહુઆએ જીવનથી હાર માની લેવાને બદલે સંઘર્ષમાં ઝંપલાવી દીધું. તે હુનાન રાજ્યના જિયાંગટાન અનાથાલયમાં રહેવા લાગી. એ નાના-નાના બે સ્ટૂલોના આશરે ચાલતાં શીખી. પછી તો તે અનાથાલયના નાના નાના બાળકોની મદદ પણ કરવા લાગી. તે ત્યાં ઉછરી રહેલ ૧૩૦ બાળકોની બિગ મૉમ બની ગઈ. તે બાળકોને નવડાવતી-ધોવડાવતી તેમને ભોજન ખવડાવતી જીવનથી હાર માની લેવાને બદલે આગળને આગળ વધતી ગઈ.

જૂ માં ભાવ-સંવેદનાનો સાગર લહેરાય છે. સૌથી પહેલા તેને કચરાપેટીથી મળેલી શેંગ લી નામની બાળીકાને ખોળે લીધી. પછી તેના આશ્રિતોની સંખ્યા વધતી ગઈ. સન્ ૮૭માં અનાથાલયના જ એક ખેડૂત લાઈ જિયુઆન સાથે તેના વિવાહ થઈ ગયા અને એક દિકરો પણ થયો. આમ છતાં તેને અનાથ બાળકોનો સંગાથ ન છોડ્યો. તે હાલમાં પણ એ બાળકોની એ જ ભાવે સેવા કરી રહી છે.

**(સાભાર : દૈનિક જાગરણ, દહેરાદૂન સંસ્કરણ તા- ૨૩ ડિસેમ્બર ૨૦૧૦)**

# અખંડ જ્યોતિના આજીવન પાઠકોનું સંમેલન

## વિચાર વિસ્તાર અભિયાન માટે સમર્પિત બુદ્ધિજીવીઓનો નવો ફેરો

**ગાજીયાબાદ (ઉત્તર પ્રદેશ)**

ગાજીયાબાદના જાણીતા ડાયમંડ પેલેમમાં અખંડ જ્યોતિના વાંચકોનું ૧૧મું સંમેલન તા-૯ જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ યોજાઈ ગયુ. શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિશ્રી કપિલ કેસરીજીએ સંમેલનમાં હાજર હજારો વિભૂતિઓને સંબોધિત કરતા પરમ પૂજ્ય ગુરૂદેવના સૂત્ર '**અનાચાર બઢતા હૈ કબ? સદાચાર ચૂપ રહેતા જબ**'ની તરફ ધ્યાન દોર્યુ હતું. તેમને દુર્જનોના અવ્યવહારુ આચરણને રોકવા માટે સજ્જનોને આગળ આવવા આહ્વાન કર્યુ. તેઓએ જણાવ્યું કે જો અનિતીનો પ્રતિકાર કરવાનું સાહસ એકઠું નથી કરી શકતાતો નિતીના વિસ્તારમાં તો યોગદાન આપી જ શકો છો. પરમ પૂજ્ય ગુરૂદેવના વિચાર ક્રાંતિકારક છે. તેને જન-જન સુધી પહોંચાડવામાં સહયોગ કરો, જેનાથી લોકોની માનસિકતા બદલાશે.

આ સંમ્મેલન એડવોકેટ શ્રી અરવિંદ શર્માજીની ટોળી દ્વારા બનાવવામાં આવી રહેલ અખંડ જ્યોતિના આજીવન ગ્રાહકો-પાઠકોનું હતું. અહી એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે તેઓ જ્યારે ૧૯૯૩માં પરમ વંદનીય માતાજીને મળ્યા હતા ત્યારે તેઓએ અખંડ જ્યોતિ પત્રિકાનો પ્રચાર કરવાનું કાર્ય તેઓને સોપ્યુ હતું. તેમની જ પ્રેરણાથી અરવિંદજીએ મહાપૂર્ણાહુતિમાં અખંડ જ્યોતિના ૨૪૦૦૦ આજીવન સભ્યો બનાવવાનો સંકલ્પ લીધો હતો. અત્યાર સુધી તેઓ ૪૮૦૦ ગ્રાહક બનાવી ચૂક્યા છે.

આ વાર્ષિકોત્સવમાં શ્રી રાધેશ્યામજી (આઈઆરએસ)-એડિશનલ કમિશ્નર ઈંકમ ટેક્સ અને પં. ચંદ્ર પ્રકાશ કૌશિક (માનસ મર્મજ્ઞ), ગાજિયાબાદના મેયર શ્રીમતી દમયંતી ગોયલ મુખ્ય અતિથિના રૂપમાં હાજર હતા. કળવેળા અધિકારી, પોલિસ, ન્યાય વગેર વિભાગો સાથે જોડાયેલ અધિકારી, વક્તા, સમાજસેવી, શ્રી સુરેન્દ્ર શર્મા વગેરે કુલ ૧૨૦૦ વ્યક્તિઓ હાજર હતા. વિશિષ્ઠ અતિથિઓએ 'કર્મફળનો સિદ્ધાંત' વિષય પર પોતાના વિચારો રજુ કરતા પરમ પૂજ્ય ગુરૂદેવના વિચારોને ફેલાવવાની પ્રેરણા આપી.

સંમેલન ખૂબ સફળ રહ્યું. શાંતિકુંજ પ્રતિનિધિની પ્રેરણાથી લગભગ ૨૦ વ્યક્તિઓએ ૨૪-૨૪ અખંડ જ્યોતિના આજીવન સભ્યો બનાવવાનો સંકલ્પ લેતા શ્રી અરવિંદજીએ સંકલ્પમાં ભાગીદારી કરવાનું આશ્વાસન આપ્યુ. મંચ સંચાલન શ્રી મુકુલ ગુપ્તા, એડવોકેટએ કર્યુ. ✡



અખંડ જ્યોતિ પત્રિકાના આજીવન સભ્યોને સંબોધિ રહેલ શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી કેસરી કપિલજી

## ગામે ગામ સ્થપાઈ રહ્યા છે પુસ્તકાલયો

પૂર્વી જોનમાં સક્રિય પ્રાણવાન કાર્યકર્ત્તાઓએ પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દી પર વિચાર વિસ્તાારના વિશેષ અભિયાનના રૂપમાં બંગાળ અને ઝારખંડના બંગાળી ભાષાના ગામોમાં નિઃશુલ્ક પુસ્તકાલયોની સ્થાપના કરી હતી. ટાટાનગર ક્ષેત્રના બે ગામ-હુરલૂંગ અને લૂપુંગડોહ, ધાલભૂમ ગઢ ક્ષેત્રના ૬ ગામ, ચાકુલિયા ક્ષેત્રના ૧૬ ગામ, બહરાગોડા ક્ષેત્રના ખાંડામૌદા ગામ, પશ્ચિમ મિદનાપુર ક્ષેત્રના ૬ ગામો, મયુરભંજ (ઉડીસા) ક્ષેત્રના ગ્રામ બાંસદા, પાણ્ડ્રા અને દેવલી મદમપુરમાં આ પુસ્તકાલયોનો શુભારંભ કરવામાં આવ્યો છે.

પરમ પૂજ્ય ગુરૂદેવના વિચારોએ આ ગામોમાં ગાયત્રી પરિવાર પ્રત્યે નવી આસ્થા જગાવી છે. ગ્રામવાસિઓનો પરિજનો સાથે નિરંતર સંપર્ક વધતો જઈ રહ્યો છે. કોલકાતાના શ્રી હરીશ તોષણીવાલ, ચાકુલિયાના ગણેશ ડિડવાનિયા, કૈલાશ શર્મા, રામ પ્રસાદ લોધા, જિતેન મહતો અને ટાટાનગરના પ્રભાકર રાવ, સિવેશ સિંહ અને સંતોષ રાય આ યોજનામાં પોત-પોતાનું વિશેષ યોગદાન આપતાં વિચારક્રાંતિ અભિયાનને ગતિ આપી રહ્યા છે ✡

## રેલવેની સ્મારિકામાં છવાયા પરમ પૂજ્ય ગુરૂદેવના વિચારો

**કલ્યાણ, ઠાણે(મહારાષ્ટ્ર)**

કલ્યાણ શાખાના અગ્રણી કાર્યકર્તા શ્રીપાદ બરબડે મધ્ય રેલવેના ટિકિટ ચેકિંગ સ્ટાફના કર્મચારી છે. તેઓએ મધ્ય રેલવેના મુંબઈ વિભાગના ટિકિટ તપાસ કર્મચારી વર્ગના પ્રમુખ શ્રી ઑંકાર સિંહ (ડીસીટીઆઈ)ને ગાયત્રી પરિવારની તરફથી સદ્વાક્યોનું ટેબલ કેલેંડર ભેટ કર્યુ હતું. શ્રી સિંહ સાહબ આ વિચારોથી ખૂબ પ્રભાવિત થયા, તેઓએ તપાસ કર્મચારિઓના વાર્ષિક સંમેલનના પ્રસંગે પ્રકાશિત થનારી સ્મારિકાના પ્રત્યેક પૃષ્ઠની નીચે પરમ પૂજ્ય ગુરૂદેવના સદ્વાક્યો પ્રકાશિત કરાવ્યા છે. શ્રી સિંહ સાહેબ સિવાય અનેક અધિકારી-સહકર્મિયોએ આની પ્રશંસા કરતાં આને સ્મારિકાનું એક અત્યંત પ્રેરક અને મહત્વપૂર્ણ અંગ બતાવ્યું. ✡

## જન્મ શતાબ્દી વર્ષની શ્રદ્ધાંજલિ-જ્ઞાનરથ

**સાગર (મધ્ય પ્રદેશ) :** ૧૯૮૬થી સાગરમાં મિશનની જોરદાર સેવા કરી રહેલ શ્રી રાજેન્દ્ર કુમાર ખરેએ પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી વર્ષમાં પોતાની ભાવભરી શ્રદ્ધાંજલિ આપતાં મારુતિ કાર પર બનાવવામાં આવેલ જ્ઞાનરથ મિશનને સમર્પિત કર્યો. વર્ષ ૨૦૧૧ના પ્રથમ દિવસે ત્યાં યોજાયેલ રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞના સમયે શાંતિકુંજ ટોળી નાયક શ્રી શ્યામ સુંદર શર્માએ જ્ઞાનરથનું પ્રથમ પૂજન કરતાં લોકાર્પણ કર્યુ. આ અવસરે શ્રી રાજેન્દ્રજીના ધર્મપત્ની શ્રીમતી ઈંદુ, ભાઈ ડૉ. સુરેન્દ્ર, અશોક, બહેન પ્રભા (સેવા નિવૃત્ત જીલ્લા સત્ર ન્યાયાધીશ), પૂત્રવધુ શોભા સાથે અનેક પરિવાર જન હાજર હતાં. ✡

# પુસ્તક મેળા : સદાચારી પેઢી માટે સુવિચારોનું ક્રાંતિકારી બીજારોપણ

**ધમતરી (છત્તીસગઢ)**

નગર પાલિકાના સામુદાયિક ભવનમાં યોજાયેલ પુસ્તક મેળાનું ઉદ્દ્ઘાટન જીલાધિકારી શ્રીમતી પી. સંગીતા, મુખ્ય કાર્યપાલન અધિકારી શ્રી એલેક્સ પાલ મેનન તથા ગુરૂસિંહ સભા, ઈસ્લામિયા કમેટી, ઈસાઈ ધર્મ અને હિંદૂ કમેટીના પ્રમુખ પ્રતિનિધિઓએ સંયુક્ત રૂપથી દીપ સંયુક્ત રૂપથી દીપ પ્રજ્વલન કર્યુ. તમામ મહાનુભાવોએ પરમ પૂજ્ય ગુરૂદેવ દ્વારા ૩૨૦૦ પુસ્તકોના લેખનને અભૂતપૂર્વ કાર્ય જણાવતાં કહ્યુ કે આ કાર્ય કોઈ અવતારી ચેતના જ કરી શકે છે.



ધમતરી

પુસ્તક મેળામાં કુલ ૮ લાખ રૂપિયાનું સાહિત્ય વેચાયું. ૨૫૮ ઘરોમાં વેદ ગ્રંથોના સેટોની સ્થાપના થઈ. કાર્યક્રમમાં નગરની તમામ ધાર્મિક, સામાજિક, સ્વયંસેવી સંસ્થાઓએ ભાગ લઈને યુગઋષિના પ્રખર વિચારોનો લાભ ઉઠાવ્યો. પુસ્તક મેળાના સમાપન સમારોહમાં સાંસદ માનનીય શ્રી ચંદૂલાલ સાહૂ પણ હાજર હતા. આ પુસ્તક મેળાની મહતી સફળતામાં શ્રીમતી અંજલી દુબે, હર્ષદભાઈ મેહતા, ચંદૂલાલ જૈન, રામપાલ કૌશિક, કેપી સિન્હા, રઘુવીર પાંડે, અંજની દેવી, રાજકુમાર સાહૂ, મીનાક્ષી ધ્રુવ, નિર્મલા સિંહ, રાધેશ્યામ ધ્રુવ વગેરે સ્વયંસેવોએ અગ્રણી ભૂમિકા ભજવી.

**જલગામ (મહારાષ્ટ્ર)**

જલગામમાં તા- ૨૧થી ૩૦ નવેમ્બરના રોજ ખૂબજ સફળ અને પ્રભાવશાળી પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં એક કરોડ મંત્ર લેખન માટે પુસ્તિકાઓ નિઃશુલ્ક વિતરિત કરવામાં આવી. મેળાનો શુભારંભ સુપ્રિટેંડેન્ટ ઓફ પોલિસ શ્રી ચંદ્રકાંત કુંભારે દીપ પ્રજ્વલન કરીને કર્યુ. દસ દિવસો સુધી ચાલેલ તમામ વર્ગના શ્રદ્ધાળુ અને વિશિષ્ઠ ગણમાન્યો પધાર્યા. યુગઋષિની પ્રખર ચેતનાનો પ્રવાહ આખા સમાજમાં પહોંચ્યો. જૈન સાધ્વી પ્રીતિ સુધાજી, નગરપાલિકા અધિકારી શ્રી પ્રકાશ બોરવડ, કેપ્ટન કુલકર્ણી, એસપી શ્રી ધનંજય કુલકર્ણી, જેલ સુપિટેંડેન્ટ શ્રી ઢોલે, ચેરિટી કમિશ્નર શ્રી મલકાપુર તથા અનેકાનેક ગણમાન્યોએ પુસ્તક મેળામાં આવીને યુગઋષિના સાહિત્યમાં યુગચેતનાના પ્રખર પ્રવાહની અનુભૂતિ કરી. જેની સફળતામાં જલગામ ઉપજોનના તમામ પ્રજ્ઞા-મહિલા મંડળો અને શ્રીમતી કિરણ શિંદેનો ભરપૂર સહયોગ રહ્યો.

**દુર્ગ (છત્તીસગઢ)**

પ્રજ્ઞાપીઠ તિગરા, જીલ્લા દુર્ગના સક્રિય કાર્યકર્ત્તા શ્રી મહેશ કુમાર બેલચંદને જન્મ શતાબ્દી વર્ષમાં વિદ્યાર્થીઓ સુધી પરમ પૂજ્ય ગુરૂદેવના વિચારો પહોંચાડવાનું વિશેષ અભિયાન ચલાવ્યું છે. આ માટે તેઓ દ્વારા જુલાઈ ૧૦થી જ અનેક સ્કૂલોમાં પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ૩૦૦૦થી વધું વિદ્યાર્થીઓ આ પુસ્તકોનો લાભ લઈ ચુક્યા છે.



**સહજનવાં, ગોરખપુર (ઉ પ્રદેશ)**

તા- ૭ થી ૧૪ નવેમ્બરના રોજ સહજનવાં ગાયત્રી શક્તિપીઠ પર વિશાળ પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્દ્ઘાટન કબીર ચૌરા-મગહરના સંતશ્રી વિચારદાસજીએ કર્યુ. પોતાના ઉદ્ગારમાં ગાયત્રીની મહત્તા જણાવતાં તેઓએ કહ્યું કે કબીર સાહેબે પણ વીજકની શરૂઆતમાં ગાયત્રી ચેતનાને બતાબી અને સદ્બુદ્ધિની દેવીની વાત સ્વીકારી. મેળામાં લગભગ સવાલાખ રૂપિયાનું સાહિત્ય વેચાયું. ગ્રામીણ વિસ્તાર હોવા છતાં મોટી સંખ્યામાં લોકોએ જ્ઞાનદેવતાની આ ઝાંખીની પ્રશંસા સમય-સમય પર આવા પુસ્તક મેળા લગાવતા રહેવા આહ્વાન કર્યુ. ગાયત્રી પરિવારના પરિજનોએ જન્મ શતાબ્દી પર રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞની સાથે ગુરૂદેવના વિચારોને ઘેર-ઘેર પ્રસ્થાપિત કરવાનો સંકલ્પ લીધો. મેળામાં ૧૫ વેદોના સેટોની સ્થાપના થઈ. ✡



સહજનવામાં પુસ્તકમેળો



ધમતરી

આપણે કોઈ એવું કાર્ય ન કરીએ, જેમાં અંતરાત્મા જ આપણને ધિક્કારે — જન્મ શતાબ્દી વર્ષ-૨૦૧૧

# મધ્ય ભારતમાં છવાયો રાષ્ટ્ર ચેતના જગાવવાનો અનેરો ઉલ્લાસ

## ગતિશીલ થયા સર્જન આંદોલન

### બુરહાનપુર (મધ્યપ્રદેશ)

યુગ નિર્માણ આંદોલન માટે સમર્પિત બુરહાનપુરના પરિજનોએ વર્ષ ૨૦૧૦ની વિદાઈ અને નવવર્ષનું સ્વાગત રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞથી કર્યુ. કાર્યક્રમ પહેલા ત્યાં જોરદાર સાધનાત્મક વાતાવરણ બનાવવામાં આવ્યુ હતું. ક્ષેત્રમાં ૨૪ તીર્થોના જળ-રજ યુક્ત ૨૪ શક્તિકળશ સ્થાપવામાં આવ્યા હતા, જેને વિભિન્ન ગામોમાં સ્થાપિત એક મહિના સુધી સામૂહિક જપ, મંત્ર લેખન વગેરે સાધના કરાવવામાં આવી. કાર્યક્રમની કળશ યાત્રામાં પણ આ શક્તિકળશોનો સમાવેશ કરવામાં આવ્યો.



બુરહાનપુરની કળશ યાત્રામાં જોડાયેલ સપ્ત આંદોલનોને પ્રોત્સાહિત કરતી આકર્ષક ઝાંખિઓ

કાર્યક્રમ દુર્ગા મેદાન પર યોજવામાં આવ્યો. શક્તિ કળશોની શોભાયાત્રાની સાથે રચનાત્મક આંદોલનોની ઝાંખીઓ ક્ષેત્રમાં છવાયેલ યુગ નિર્માણ ઉલ્લાસને વ્યક્ત કરતી રહી. એક ઝાંખી વ્યસનોથી થનારા ઘાતક રોગોની ચેતવણી આપી રહી હતી. શ્રીરામ ગુરૂકુળના ૧૭૫ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ હાથોમાં યુગઋષિનો સંદેશ લઈને ચાલી રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શક્તિપીઠ પર નવનિર્મિત ગુરૂ સ્મારક 'પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધા'ના પ્રાણ પ્રતિષ્ઠા ટોળી નાયક શ્રી બુદ્ધસિંહ પારધી દ્વારા કરવામાં આવી. રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞમાં કેન્દ્રીય ઉદ્યોગમંત્રી શ્રી અરુણ યાદવ પણ જોડાયા હતા. તેમણે કહ્યું કે અધ્યાત્મ ભારતનો પ્રાણ છે અને આ અધ્યાત્મના બળ થકીજ ભારતનું નવનિર્માણ સંભવ છે. શ્રીરામ ગુરૂકુળના નાનકડા યોગ સાધકોએ જટિલ યોગાસનોનું પ્રદર્શન કરતાં ગાયત્રી પરિવારના બાળ નિર્માણના સંકલ્પોનો પરિચય આપ્યો. શ્રી રાજેશ કાસ્ડેકરે વર્ષ ૨૦૧૦માં કરવામાં આવેલ કાર્યોની જાણકારી આપવાની સાથે આગામી વર્ષની કાર્યયોજના રજુ કરી.

## દીવાળી પર્વનું ગૌરવ વધ્યું

### મહાસમુંદ (છત્તીસગઢ)

ગાયત્રી શક્તિપીઠ મહાસમુંદ પર દીપાવલીની મંગળ વેળાએ રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞ મહાયજ્ઞ સંપન્ન થયો. પર્વના ઉલ્લાસ અને વ્યસ્તતાઓની વચમાં પણ રાષ્ટ્રીય એકતા અને પ્રગતિ માટે લોકોની ભાવનાઓ જોવા જેવી હતી. ધનતેરસના દિવસે મંગળ કળશ યાત્રા કાઢવામાં આવી. મુસ્લિમ, શીખ, ઈસાઈ વગેરે અનેક ધર્મોના પ્રતિનિધિઓએ મંગળ કળશ યાત્રામાં ભાગ લીધો. તેઓ દીપયજ્ઞમાં પણ જોડાયા અને તમામે દીપ પ્રજ્વલિત કર્યા.



મહાસમુંદમાં દીપી ઉઠ્યા સદ્ભાવ-સુવિચારોના દીપ

### દુર્ગ (છત્તીસગઢ)

શહેરના જીવાયએમસી મેદાન પર યોજાયેલ રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞમાં શાંતિકુંજ પ્રતિનિધિઓએ સ્થાનીય બુદ્ધિજીવીઓને માનવીય મૂલ્યોમાં નિરંતર થઈ રહેલ હ્રાસને બચાવવા માટે આહ્વાન કર્યુ. સેક્ટર-૬ સ્થિત ગાયત્રી પ્રજ્ઞામંડળના પ્રાંગણમાં યોજાયેલ કાર્યક્રમમાં પ્રાણવાન પરિજનોની ભાગીદારી રહી. ટોળી નાયક શ્રી રમેશચંદ્ર ગુપ્તાએ પરમ પૂજ્ય ગુરૂદેવના જીવનના અનેક સ્વરૂપોની જાણકારી આપવાની સાથે સમાજના ઉત્કર્ષ માટેની તેમની અંતરની પીડાને જન-જન સુધી પહોંચાડી. પ્રજ્ઞા-મહિલા મંડળ દુર્ગની નિરંતર સક્રિયતાએ કાર્યક્રમની સફળતામાં મુખ્ય ભૂમિકા નિભાવી. આ સિવાય શ્રીમતી કલ્પના નાયક, ધર્મપત્ની શ્રી ગિરધારી નાયક-એડીબીપી છ.ગ. શાસન અને શ્રી જિતેન્દ્ર તિવારી-સહાયક મહાપ્રબંધક (ભિલાઈ ઈસ્પાત સંયંત્ર) વગેરેની ઉલ્લેખનીય ભૂમિકા રહી.

## વનવાસી ક્ષેત્રમાં વિસ્તાર

### બડવાની (મધ્ય પ્રદેશ)

બડવાની ઉપજોનના ગ્રામ બલવાડી, તા- વરલામાં અત્યંત મનોરમ રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞનું આયોજન થયું. સાત ગામ-ધવલી, દૂધખેડા, રાજનગ્રામ, ચીખલી, દુગાની, વરલા અને આમલ્યા ગ્રામે જુદા-જુદા સાત આંદોલનો પર પોત-પોતાની મનોરમ ઝાંખિઓ મહાયજ્ઞની કળશયાત્રામાં જોડી હતી. અહીં એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે જે ગ્રામે જે આંદોલનની ઝાંખી રજુ કરી હતી, એ ગ્રામના લોકોએ એ આંદોલનની જોરદાર પહેલ પણ કરી.

પૂર્ણ રીતે વ્યસનયુક્ત ગામ ચીખલીના ૬૦ ટકા લોકોએ વ્યસનમુક્તિના સંકલ્પ લીધા. તેમને વ્યસનની અર્થી પર પોતાના બીડી, ગુટખાના પાઉચ, દારુની બોટલો અર્પિત કરતાં આ સંકલ્પ લીધા. પર્યાવરણ આંદોલનને ગતિ આપતાં ગ્રામ દુધખેડીએ ૫૧ ત્રિવેણી વૃક્ષ રોપવાના સંકલ્પ લીધા.

આ વનવાસી વિસ્તારના લોકોની યુગ નિર્માણ આસ્થાને જોઈને શાંતિકુંજથી પહોંચેલ ટોળી નાયક શ્રી શ્યામ સુંદર શર્માએ કહ્યું કે અહીં પરમ પૂજ્ય ગુરૂદેવની વિરાટ ચેતનાના દર્શન થઈ રહ્યા છે. આપ જેવા ભાવનાશીલ અને શ્રેષ્ઠ વિચારોથી સંપન્ન વ્યક્તિઓના સંકલ્પિત પ્રયાસોથી જ સતયુગના પુનરાગમનનો સંકલ્પ સાકાર થશે.

બલવાડીના રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞમાં જીલ્લા સમન્વયક શ્રી ગોપાલકૃષ્ણ પ્રજાપતીએ જન્મ શતાબ્દીના પૂર્ણાહુતિ સમારોહ માટે પોતાના જીલ્લાની તરફથી ૯ લાખ રૂપિયાનું દાન આપવાનો સંકલ્પ લીધો. ૧૦૫ ગુરૂદીક્ષા, ૨૭ પુંસવન, નામકરણ અને મુંડન સંસ્કાર થયા.

દીપયજ્ઞના અવસર પર આર્યકૃષ્ણ ધામના સંતશ્રી જગદીશ બાપુ પણ હાજર હતા. તેઓએ ગાયત્રી પરિવારની વિશાળ વાનર સેનાને જોઈને કહ્યું આ પં.શ્રીરામ શર્મા આચાર્યજીના તપમય જીવનનું જ પરિણામ છે.

### નાલાસોપારા,ઠાણે (મહારાષ્ટ્ર)

મુંબઈ અને સમીપવર્તી ઉપનગરોમાં આ વર્ષે રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞોના ૮ કાર્યક્રમોની શ્રૃંખલા યોજાઈ ગઈ. શૃંખલાનો શુભારંભ ગાયત્રી શક્તિપીઠ નાલાસોપારાના વાર્ષિકોત્સવ પર યોજાયેલ કાર્યક્રમથી થયો. જેમાં સાધના આંદોલનને પ્રમુખતા આપવામાં આવી. નવા સાધકોથી ગાયત્રી સાધના અનુષ્ઠાન કરાવવામાં આવ્યા.

કાર્યક્રમનું સંચાલન શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી શ્યામ બિહારી દુબેજીની ટોળીએ કર્યુ. તેઓની સરસ વાણીથી યુગઋષિનો સંદેશ સાંભળીને શાખાના પરિજનોમાં જબરદસ્ત ઉત્સાહનો સંચાર થયો. શ્રીમતી તરુલતા પટેલના જણાવ્યાનુંસાર પ્રત્યેક મહિને એક દીપયજ્ઞનું આયોજન કરી આસ્તિકતાની ઉમંગોને જીવંત બનાવી રાખવાનો સંકલ્પ તેઓએ લીધો. ૧૦૦થી વધું દીક્ષા સંસ્કાર થયા.

## જાગી ગઈ તરુણાઈ

### કટની (મધ્યપ્રદેશ)

દેશના ભૌગોલિક કેન્દ્ર કટનીના પ્રસિદ્ધ જાલપા દેવી મંદિર પરિસરમાં ૧૩ થી ૧૫ ડિસેમ્બરની તારીખોમાં રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞ સંપન્ન થયા. પ્રથમ દિવસે મોટી સંખ્યામાં નર-નારિઓની સાથે કેટલાય જાગ્રત યુવા સર્જન સૈનિકોએ ભવ્ય શોભાયાત્રા કાઢી. કાર્યક્રમનું



નાલાસોપારામાં સંપન્ન થયા રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞ

સંચાલન કરતાં શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી વિનય કેશરીએ કહ્યું કે આત્મ જાગરણ સિવાય રાષ્ટ્ર જાગરણ શક્ય નથી. જે દેશના નાગરિકો પોતાના કર્તવ્યો ઓળખે છે, એના હિત-અહિતને સમજે છે એ દિશામાં જાગરુકતાની સાથે સક્રિયતા અપનાવે છે, ત્યાંજ વિકાસ સંભવ બને છે. આપણા રાષ્ટ્રની તમામ સમસ્યાઓના ભ્રમરમાંથી બહાર ખેંચી કાઢવા સહિયારો પુરુષાર્થ કરવો પડશે.

કાર્યક્રમમાં રાષ્ટ્ર જાગરણના જોરદાર સંકલ્પોની સાથે વિવિધ સંસ્કાર પણ સંપન્ન થયા. સર્વશ્રી સુધીર ખરે અને તેમના સાથી દિગ્વિજય સિંહ સોલંકી, શંકરલાલ સોની, પ્રફુલ સોની વગેરેએ અગ્રણી સક્રિયતા અપનાવતા કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવી.

## વસંત પર્વનો પૂર્વાભ્યાસ

### ભોપાલ (મધ્યપ્રદેશ)

યુગઋષિની જન્મ શતાબ્દીમાં એમના વિચારોને ગામ-ગામ પહોચાડવા માટે સંકલ્પિત



ભોપાલ

ભોપાલની તરુણાઈએ ૧૯ ડિસેમ્બરના રોજ જીલ્લાના પાંચ ગામ- હર્રાખેડા, બૈરસિયા, હિનૌતિ, કાલૂખેડી અને ઈમલા ગામમાં રાષ્ટ્ર જાગરણ દીપયજ્ઞોનું આયોજન કર્યુ. દીપયજ્ઞ પહેલા યુવાટોળીએ ગામમાં ઘેર-ઘેર જઈને સંપર્ક કર્યો, નિમંત્રણ પાઠવ્યું. ગ્રામવાસી તેઓની સમાજ ઉત્થાનની ભાવનાથી અભિભૂત હતા. તેઓએ ઉપાસના-સાધનાની સાથે સમાજના હિતમાં કરવામાં આવનાર કાર્યોમાં પૂરે-પૂરો સહયોગ કરવાનું આશ્વાસન આપ્યું. સર્વશ્રી યશપાલ સિંહ ચૌહાણ, રામચંદ્ર ગાયકવાડ, રમેશ નાગર, શ્યામ કિશોર સૂર્યવંશી, આરસી રમાહરિયા, શ્રીમતી સરિતા વર્મા, શ્રીમતી રુક્મણી આર્ય, કુ. પ્રિયંકા શર્મા, કું. ઈલા સિંહ, ઉત્કર્ષ શર્મા સાથે વરિષ્ઠો અને યુવાઓએ ખૂબ ઉત્સાહની સાથે આ સફળતામાં પોતાનું ભાવભર્યુ યોગદાન આપ્યું.

આ પહેલા ૧૭ ડિસેમ્બરના રોજ રાજધાનીના વિભિન્ન મંદિરો અને કોલોનિયોમાં ૨૫૧ સ્થાનો પર એક સાથે (સાંજે ૫ થી ૭ વાગે) સામૂહિક દીપયજ્ઞોનું આયોજન ભોપાલના પરિજનો દ્વારા કરવામાં આવ્યું. જેમાં વિશ્વ કલ્યાણ, પર્યાવરણ સંતુલન, નગરવાસિઓના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આધ્યાત્મિક ઉત્કર્ષની કામનાની સાથે આહુતિઓ સમર્પિત કરવામાં આવી. આ પ્રયોગ આવનારા વસંત પર્વ પર યોજનારા સામૂહિક દીપયજ્ઞોના પૂર્વાભ્યાસના રૂપમાં કરવામાં આવ્યો.



કટનીની કળશયાત્રામાં ભાગ લઈ રહેલ બહેનો

# સાધના અનુષ્ઠાનની પૂર્ણાહુતિ

### સમાજના ઉત્કર્ષ માટે સતત સક્રિય શિક્ષક

**યવતમાલ (મહારાષ્ટ્ર) :** દિગ્રસ શહેરમાં સરકારી વિદ્યાલયના શિક્ષક શ્રી સુનીલ કુમાર ડોહરે પોતાના ૧૨ વર્ષથી ચાલી રહેલ મંત્ર લેખન અભિયાનની પૂર્ણાહુતિ કરવા માટે શાંતિકુંજ પધાર્યા. તેઓ ૧ જાન્યુઆરી, ૧૯૯૯થી નિયમિત રૂપે ગાયત્રી મહામંત્ર લેખન સાધના કરી રહ્યા છે.

શ્રી સુનીલ કુમારે સાધનાની સાથે મિશનના વિસ્તાર માટે પણ ભરપૂર પ્રયાસો કર્યા છે. સાધનાની શક્તિ તેઓને હંમેશા નવી દિશા અને ઉર્જા આપતી રહી છે. તેઓએ આ ૧૨ વર્ષોમાં યજ્ઞ-દીપયજ્ઞના માધ્યમથી લગભગ ૧૦૦૦ લોકોને મિશન સાથે જોડ્યા છે. ૩૨૫ વિદ્યાર્થીઓએ તેઓ પાસેથી પ્રેરણા મેળવી સંપૂર્ણ રીતે વ્યસનમુક્ત થવામાં સફળતા મેળવી. કેટલાય વિદ્યાર્થીઓ તેઓનું અનુકરણ કરતાં ગાયત્રી ઉપાસના અને મંત્ર લેખન અભિયાન સાથે જોડાતા ગયા. બાળકોને સત્પ્રેરણા આપવા અને પરીક્ષાના દિવસોમાં વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવા માટે દર શનિવાર-રવિવારના રોજ નિયમિત રૂપથી સમયદાન કરતા રહ્યા. ✡

# તાલુકાઓમાં યોજાઈ રહી છે વ્યસનમુક્ત રેલીઓ

**બડવાની (મધ્યપ્રદેશ) :** પરમ પૂજ્ય ગુરૂદેવની જન્મ શતાબ્દીના પ્રયાજ ક્રમમાં બડવાની જીલ્લામાં તાલુકા સ્તરીય રેલીઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અંજડ અને રાજપુર તાલુકાઓમાં આ રેલીઓ યોજાઈ ગઈ, જેમાં ખૂબ જ સફળતા મળી. ઉપજોન સચિવ શ્રી મહેન્દ્ર ભાવસારના જણાવ્યાનુંસાર ‘વ્યસનથી બચાઓ, નવ સર્જનમાં લગાઓ’ના ઉદ્‌ઘોષોની સાથે કાઢવામાં આવેલી રેલીઓ ખૂબ જ પ્રભાવશાળી રહી.

અંજડની રેલી ગાયત્રી શક્તિપીઠથી આરંભ કરવામાં આવી. આખા શહેરમાં વ્યસનોના દુષ્પરિણામો દર્શાવતી પત્રિકાઓ વિતરિત કરવામાં આવી. ડૉ. એલએન વડનેરે, સુરેન્દ્રસિંહ યાદવ, શૈલબાલા શર્મા, યોગેશ ભાવસાર, ઓમપ્રકાશ પાટીદારે નેતૃત્વ કર્યુ. દારુડીયાની અર્થીએ બધાનું ધ્યાનાકર્ષણ કર્યુ. મોટી સંખ્યામાં લોકોએ વ્યસનમુક્તિ માટે સંકલ્પ લીધા.

રાજપુરમાં બાજાર હાટના દિવસે રેલી કાઢવામાં આવી, ૨૦૦૦ લોકો સુધી વ્યસનમુક્તિનો સંદેશ પહોચ્યો. વ્યસનની અર્થ જોઈને પહેલા પહેલાતો વ્યસની લોકો હસતા પરંતુ પાછળથી ગંભીર બની જતા જોવા મળ્યા. શ્રી પ્રભાકાંત તિવારી, શ્રી મહેન્દ્ર ભાવસાર અને શ્રી ગોપાલકૃષ્ણ પ્રજાપતિએ સંદેશ આપ્યો. ૫૦૦૦ પત્રિકાઓ વિતરિત કરવામાં આવી. આયોજન પ્રભારી શ્રી મદન ખંડેલવાલે આની સફળતાથી ઉત્સાહિત થઈને જીલ્લાના તમામ તાલુકાઓમાં આવી જ રેલીના આયોજનોનો સંકલ્પ લીધો. સીજી પટેલ, કાલુરામ ખન્ના, સુશ્રી માલતી રાઠોડનો વિશેષ સહયોગ રહ્યો. ✡

**નહેરુ સ્ટેડિયમમાં ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ યોજાનારો આંતરરાષ્ટ્રિય યુગશક્તિ જાગરણ મહોત્સવ સ્ટેડિયમની ઉપલબ્ધિમાં અનિશ્ચિતતાની સ્થિતિ બની રહેવાના કારણે સ્થગિત કરી દેવામાં આવ્યો છે. આગળ જ્યારે પણ આ કાર્યક્રમના આયોજનનો સુયોગ બનશે, પાઠકો-પરિજનોને આની પૂર્વ સૂચના આપવામાં આવશે. સૌ પરિજનોને આ સ્થગનના કારણે થયેલ અસુવિધા માટે અમને દુ:ખ છે.**

**-આયોજક મંડળ, શાંતિકુંજ, હરિદ્વાર**

# યુગ નિર્માણ યોજનાનો જન્મ શતાબ્દી વિશેષાંક




‘યુગ નિર્માણ યોજના’ માસિક પત્રિકાનો ફેબ્રુઆરી-૨૦૧૧નો અંક ‘જન્મ શતાબ્દી વિશેષાંક’ના રૂપમાં પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે. પરમ પૂજ્ય ગુરૂદેવના ચરણ કમલોમાં સમર્પિત આ વિશેષાંકની ચોવીસ લાખ પત્રિકાઓ સમાજના બુદ્ધિજીવીઓ, રાજનેતાઓ, ધનવાન, અધિકારી અને મિશનથી અપરિચિત નવા વર્ગમાં પહોંચાડવાનો સંકલ્પ દરેક શ્રદ્ધાવાન કાર્યકર્તાઓ, પરિજનોના સહયોગના વિશ્વાસ પર લેવામાં આવ્યો છે. આશા છે કે પરિજનો હંમેશાની જેમ જ આ વખતે પણ વધુને વધુ પત્રિકાઓ મંગાવીને વિતરિત કરવાનો પ્રયાસ કરશે.

આપ પોતાના સંકલ્પ સાથે ધનરાશિ સહિત ઓર્ડર ‘ગાયત્રી તપોભૂમિ, મથુરા’ મોકલાવી આપશો. ૧૦૦૦ કે તેથી વધું અંક વિતરિત કરનાર પરિજનનું નામ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવશે. ૫૦૦૦ કે તેથી વધું અંક માંગવા પર સૌજન્યથી છાપી દેવામાં આવશે. ૬૪ પૃષ્ઠના એક અંકની કિંમત ૪.૫૦ રૂપિયા છે. વધુ જાણકારી માટે તપોભૂમિ, મથુરા (ઉત્તર પ્રદેશ) સંપર્ક કરશો.

**ફોન- (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯. ફેક્સ- ૨૫૩૦૨૦૦**

**ઈ-મેલ : yugnirman@awgp.org**

# જન જીવનમાં ઉતરી રહ્યું છે યુગ પુરાણ

## ગામે ગામ વિચાર ક્રાંતિ અને સ્વચ્છતા અભિયાન

**ઝટીકરા, નજફગઢ (દિલ્લી)**

ઝટીકરા, ગાયત્રી શક્તિપીઠ દ્વારા દિલ્લી મહાનગરની આસપાસના ગામોમાં ગ્રામ જાગૃતિનો એક અનોખો અને અવિસ્મરણીય કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો. કાર્યક્રમ પહેલા સ્થાનીય કાર્યકર્તાઓએ ઘેર-ઘેર જઈને સંપર્ક કર્યો, નાના-નાના દીપયજ્ઞોથી ગ્રામ વાસિઓમાં નવસર્જન અને આત્મ સુધારની વાસંતી ઉમંગો જગાવી. એવું લાગી રહ્યુ હતુ કે જાણે આખુંને આખું ગામ યુગ પરિવર્તન માટે યુગઋષિના બતાવેલ માર્ગે ચાલી નીકળવા તૈયાર હોય.



જન માનસને સંબોધિ રહેલ આદરણીય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજી

પાંચ દિવસીય કાર્યક્રમમાં ૨૨ ડિસેમ્બરના રોજ શાંતિકુંજથી પહોચેલ શ્રી વિષ્ણુ મિત્તલની ડિઝાસ્ટર મેનેજમેંટની ટોળીએ ગ્રામ સફાઈ અને સ્વાવલંબનની પ્રાયોગીક પ્રેરણા આપી. ટોળીની સાથે પાવડા, કોદાળા, ટોકરી, સાવરણાં લઈને ગામના વૃદ્ધો અને નવયુવકો પણ કાર્યમાં જોડાઈ ગયા હતા. મહિલાઓ અને બાળકો સાધૂવેશમાં સફાઈ અભિયાનમાં જોડાયેલ લોકોને જોઈને આશ્ચર્યચકિત હતા. શ્રી કામતા પ્રસાદ સાહૂએ ઘરેલું ઉપયોગની જાત-જાતની કેટલીય વસ્તુઓ બનાવવાનું પ્રશિક્ષણ આપતા તેઓને એ વાતનો અનુભવ કરાવ્યો કે આ વસ્તુઓને સમૂહમાં અથવા તો કુટીર ઉદ્યોગના રૂપમાં ફેરવીને કેટલી મોટી બચત કરી શકાય છે.



કુટીર ઉદ્યોગનું પ્રશિક્ષણ આપી રહેલ શ્રી કામતા સાહૂ

પછીના દિવસે ૨૫૧ કળશોની સાથે કળશ યાત્રા કાઢવામાં આવી. ત્યારબાદ શ્રી સુનીલ શર્માની ટોળી દ્વારા દરરોજ સવારે યજ્ઞ અને સાંજે પ્રજ્ઞા પુરાણ કથાના માધ્યમથી યુગઋષિનો યુગક્રાંતિનો દિવ્ય સંદેશ આપવામાં આવ્યો.

તા- ૨૪ ડિસેમ્બરના રોજ શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધિ આદરણીય શ્રી વીરેશ્વર ઉપાધ્યાયજી પધાર્યા અને વ્યવહારિક અધ્યાત્મના સૂત્રોની માર્મિક સમજણ આપી. લોકો મંત્રમુગ્ધ બનીને સાંભળતા રહ્યા, મનોમન યુગ નિર્માણના સૂત્ર-સિદ્ધાંતોને અપનાવવા માટે સહમત થતા રહ્યા. પૂર્ણાહુતિ આવતાં આવતાં તમામ શ્રદ્ધાળુઓના મનમાં પરિવર્તનની લહેરો પ્રબલ થઈ ગઈ. ગામના મુખીની સાથે પ્રૌઢ-યુવાન તમામ વર્ગના લોકોએ મોટી સંખ્યામાં વ્યસનમુક્તિ માટેના સંકલ્પ લીધા. મહિલાઓએ પોતાના ઘરમાં નિત્ય નિયમિત રૂપથી બલિવૈશ્વ દેવ યજ્ઞ કરવાનો સંકલ્પ લીધો. ✡

## શતાબ્દી મંત્ર લેખન પુસ્તિકા હવે ગુજરાતીમાં પણ

પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી વર્ષના ઉપલક્ષ્યમાં મહાશિવરાત્રિ-૨ માર્ચ,૨૦૧૧ થી રામનવમી-૧૨ એપ્રિલ સુધી ૨૪ લાખ સાધકો દ્વારા ગાયત્રી મહામંત્ર લેખનનું વિશેષ અનુષ્ઠાન કરવામાં આવી રહ્યું છે. જે માટે વિશેષ શતાબ્દી મંત્ર લેખન પુસ્તિકા છાપવામાં આવી છે. આ પુસ્તિકાઓ હવે ગુજરાતીમાં પણ મળી રહેશે, જે ગાયત્રી તપોભૂમિ મથુરા, શાંતિકુંજ હરિદ્વાર અને જ્ઞાનપીઠ અમદાવાદથી મંગાવી શકાય છે. પુસ્તિકાનું મૂલ્ય ૫ રૂપિયા છે. સાધના અનુષ્ઠાન સંબંધી વિસ્તૃત માહિતી પજ્ઞા અભિયાનના ગત અંકમાં અને ડિસેમ્બર મહિનાની યુગ શક્તિ ગાયત્રીમાંથી મેળવી શકાય છે. ✡

# ગાયત્રી જયંતી (પરમ પૂજ્ય ગુરૂદેવનો મહાપ્રયાણ દિવસ)પર દેવવૃક્ષ પીપળ લગાવો, શ્રદ્ધાસુમન ચઢાવો

પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી વર્ષમાં દેવત્વના વિસ્તાર માટે અનેક ધારાઓ સક્રિય થઈ ગઈ છે. બધે સર્જનાત્મક આંદોલનને ગતિ આપવામાં આવી રહી છે. આપણું એક આંદોલન પર્યાવરણ સંરક્ષણ પણ છે. આ અંતર્ગત પરમ પૂજ્ય ગુરૂદેવના મહાપ્રયાણ દિવસ પર-ગાયત્રી જયંતીના દિવસે દેશમાં પીપળના વૃક્ષનો છોડ લગાવવાનું વ્યાપક અભિયાન ચલાવવામાં આવશે.

પીપળ એક દેવ વૃક્ષ છે. ઝેરી કાર્બન ડાયોક્સાઈડ પીને ૨૪ કલાક પ્રાણવાયુ વિસર્જિત કરનાર આ વૃક્ષ માનવ મનમાં દેવત્વનું પોષણ પણ કરે છે. વિવિધ પર્વ તહેવારો પર આની પૂજા કરવામાં આવે છે. આથી પરમ પૂજ્ય ગુરૂદેવના જન્મ શતાબ્દી વર્ષમાં આના વ્યાપક વિસ્તાર માટે લક્ષ્ય રાખવામાં આવ્યું છે. યુગ નિર્માણ આંદોલન પ્રત્યે શ્રદ્ધાવાન તમામ કાર્યકર્તાઓને નિવેદન છે કે તેઓ આ વર્ષે પીપળનો ઓછામાં ઓછો એક છોડ લગાવી તેનો ઉછેર કરે. એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે સાર્વજનીક સ્થળો પર આ વૃક્ષ બધાની પ્રેમપૂર્ણ સહમતિથી લગાવવામાં આવે. તેના ઉછેર માટે ટ્રી-ગાર્ડ તેમજ નિશ્ચિત અવધિ સુધી ખાતર-પાણી આપતા રહેવાની શ્રદ્ધાસિક્ત વ્યવસ્થાની આશા પણ પરિજનો પાસે કરવામાં આવે છે.



પીપળના છોડને વિકસીત થવામાં લગભગ ૬ મહિના લાગી જાય છે. ઓક્ટોમ્બર-નવેમ્બર કે પછી ફેબ્રુઆરી મહિનામાં, જ્યારે આના ફળ પરિપક્વ થઈ પડે છે, એનું બીજારોપણ કરીને છોડ તૈયાર કરવામાં આવે છે. વૃક્ષારોપણ માટે સમય રહેતા એનો છોડ વિકસીત કરવાનો પ્રયાસ અત્યારથી જ શરૂ કરી દેવો જોઈએ.

સામાન્ય રીતે ખંડેરોમાં, દિવાલો પર, નાળાંઓની આજુ-બાજુ પીપળનો છોડ સહજતાથી મળી જાય છે, જેને થેલી-નાનકડા કુંડાઓમાં સંરક્ષિણ કરી સુવિકસીત કરી લેવો જોઈએ. છોડને વિકસીત કરવા માટે બીજારોપણ અને કલમની વિધિઓ પણ છે. વિશેષજ્ઞો પાસેથી આની માહિતી મેળવી લેવી જોઈએ. zonal@awgp.org પર ઈમેલ કરીને બીજ અથવા કલમથી છોડ લગાવવાની વિસ્તૃત માહિતી મેળવી શકો છો. ✡

# ચાહે યદિ હમ યુગ પરિવર્તન, તો નારી કા ઉત્થાન કરે

## સાંસ્કૃતિક ઉલ્લાસ અને ઉન્નયનના સંકલ્પોની સાથે ૬૨મા પ્રજાસત્તાક દિવસ પર કરવામાં આવી મા ભારતીની વંદના

મા ભારતીના મહાન સપૂત યુગપુરૂષ પં. શ્રીરામ શર્મા આચાર્યજીના જન્મ શતાબ્દી વર્ષની મંગળ વેળાએ ઉજવવામાં આવેલ ૬૨મા પ્રજાસત્તાક દિવસે શાંતિકુંજનું દિવ્ય આંગણુ સાંસ્કૃતિક ગૌરવ અને



રાષ્ટ્રપ્રેમની ભાવભરી અભિ-વ્યક્તિઓની સાથે ઝુમી ઉઠ્યું. ગાયત્રી વિદ્યાપીઠના નાનકડા વિદ્યાર્થીઓથી લઈને યુગશિલ્પી ભાઈ-બહેનો સુધી સૌ એ પોત-પોતાના ઉમંગ અને ઉલ્લાસની સુંદર અભિવ્યક્તિઓ આપી, પરંતુ જો એક લાઈનમાં પ્રજાસત્તાક દિવસનો સંદેશ આપવો હોય તો તે હતો- ‘ચાહે યદિ હમ યુગ પરિવર્તન, તો નારી કા ઉત્થાન કરે’

શાંતિકુંજમાં દેવાત્મા હિમાલયના આંગણે ઉજવવામાં આવેલ પ્રજાસત્તાક દિવસ પર બહેનોએ પોતાના સાહસી અને સાંસ્કૃતિક પ્રદર્શનથી બધાને અભિભૂત કરી દીધા. દેશના જાગૃત પહેરેદારના રૂપમાં મુખ્ય અતિથિ આદરણીય શૈલજીજી અને આદરણીય ડૉ. સાહેબના સ્વાગત માટે કમર કસીને આગળ આવનારી નારી, મા ભારતીની વંદના કરનારી નારી, લાઠી ચલાવતી નારી, સમગ્ર સ્વાસ્થ્ય માટે જરૂરી યોગાસનોનું પ્રદર્શન કરતી નારી, અભિનય ગીતોથી સંસ્કૃતિનું ગૌરવ રજુ કરતી નારી અને પોતાના સશક્ત અભિનયથી નારી શક્તિ પર થઈ રહેલા અત્યાચારોની કરુણ કથા કહેતી નારી જેવા નારી શક્તિના વિવિધ સ્વરૂપ ગણતંત્ર દિવસ સમારોહમાં જોવા મળ્યા. સમારોહનું ઓજસ્વી સંચાલન પણ શ્રીમતી અપર્ણા પવારે કર્યું.

આ પહેલા મુખ્ય અતિથિ આદરણીય શૈલજીજી અને આદરણીય ડૉ. સાહેબે ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યુ, જોડાયેલ રાષ્ટ્રગાનની સાથે ધ્વજારોહણ-ધ્વજપૂજન કર્યુ અને પછી પરેડની સલામી લીધી. આ સાથેજ શુભારંભ થઈ ગયો સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટનો. આ પ્રસંગે શાંતિકુંજ અને દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વરિષ્ઠ કાર્યકર્તા-અધિકારી, ગણમાન્ય અતિથિઓની સાથે હજારો આશ્રમવાસી-શિબિરાર્થીઓ હાજર રહ્યા હતા.



સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા સરસ્વતી વંદના- ‘જયતિ જય નમસ્કાર...’થી થયો. શાંતિકુંજની વરિષ્ઠ બહેનોએ લાઠી ચાલનથી પોતાના શૌર્યનો પરિચય આપતા સંદેશ આપ્યો કે તે પણ એ જ સંસ્કૃતિની અનુયાયી છે જેમાં એક હાથમાં માળા અને એક હાથમા ભાલાનો સંદેશ આપવામાં આવ્યો છે. યોગ પ્રદર્શનમાં યુવા કાર્યકર્તા બહેનોએ સૂર્ય નમસ્કાર-પ્રજ્ઞાયોગની સાથે ડાયાબિટીસ, દમ રોગ, પેટના રોગ જેવા અનેક રોગને દૂર કરનારા આસનોનું પ્રદર્શન કર્યુ. એક માસીય સત્રની બહેનોએ ‘ભારત વર્ષ હમારા પ્યારા.....’ સમૂહ ગાનની સાથે અને ભાઈઓએ ‘કર દે હમ બલિદાન સભી કુછ કહકર વંદે માતરમ...’ ગીતની સાથે અહિલ્યા, લક્ષ્મીબાઈ, સિસ્ટર નિવેદિતા, રામ, કૃષ્ણ, ગાંધી, આજાદ જેવા ઐતિહાસિક ગૌરવશાળી વ્યક્તિત્વોની યાદ તાજી કરાવી દીધી.

ગાયત્રી વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ એક માર્મિક નાટિકાની સાથે વિસરાઈ ગયેલા એ રાષ્ટ્ર નિર્માતાઓને યાદ કર્યા, જે ભગતસિંહ અને ગાંધીની જેમ લોકપ્રિયતો ન બન્યા, પરંતુ દેશની આઝાદીમાં એમનું બલિદાન જરા પણ ઓછુ નહોતું. મહારાણા પ્રતાપના સહાયક વનવાસી બાળક બુદ્ધા, શિવાજીની સેનામાં બાળક સાવલ્યા, બંગાળની મહિલાઓને સ્વતંત્રતા સંગ્રામની માર્મિક રજુઆતો જોઈને દર્શકોની આંખો ભિંજાઈ ગઈ. હાલમાં જ સ્કાઉટ ગાઈડની રાષ્ટ્રીય જંબૂરીમાં ભાગ લઈને પાછા ફરેલ ગાયત્રી વિદ્યાપીઠના બાળકોએ આકર્ષક બેન્ડ ડિસ્પ્લેની કર્યુ. આરંભ અને અંતમાં શાંતિકુંજના કાર્યકર્તાઓએ બેન્ડધુનની સાથે અતિથિઓનું સ્વાગત કર્યુ અને વિદાઈ આપી. ✡














# સંસ્કૃતિના આદર્શો અને ટેક્નોલોજીની આધુનિકતાને સાથે લઈને જ થઈ શકે છે દેશનો વિકાસ

દેવ સંસ્કૃતિમાં યોજાયેલ ૬૨મા ગણતંત્ર સમારોહમાં કુલાધિપતિ માનનીય ડૉ. પ્રણવ પંડ્યાજીએ ધ્વજારોહણ કર્યુ. આ પ્રસંગે તેમને પોતાના સંદેશમાં ગણતંત્રની રક્ષા અને દેશના આદર્શ વિકાસ માટે પૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજી દ્વારા બતાવવામાં આવેલ ગણતંત્રના સૂત્રોને શીખવા-સમજવાની પ્રેરણા આપી. તેમણે કહ્યું કે ભ્રષ્ટાચાર અને આતંક આજની પ્રમુખ સમસ્યાઓ છે, જેનો સામનો આપણે એકજુટ થઈને જ કરી શકીએ તેમ છીએ.



તેઓએ આદર્શ સૂત્રોની સાથે ટેક્નોલોજીની આધુનિકતાનો ઉપયોગ કરીને એક નવા ભારતના નિર્માણ માટે વિશ્વ વિદ્યાલયના આચાર્યો, વિદ્યાર્થીઓ અને હાજર યુગસર્જકોને આહ્વાન કર્યું.

આ પહેલા દેસંવિવિના વિદ્યાર્થીઓએ કેટલાક સાંસ્કૃતિક કાર્યક્રમોની રજુઆત કરી. પીજી. ના વિદ્યાર્થીઓની પ્રસ્તુતિ ‘ચલ-ચલ યુવા ચલ તેરી મંઝીલ તુજે પુકારે..’ એ છાત્રશક્તિને એક નવા જોશથી ભરી દીધી. યુવા વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવેલી યોગમય પ્રસ્તુતિ ‘ઈશ્ક હૈ હમે ઈસ સરજમી સે...’ શીર્ષકના નાટકે લોકોમાં જોશ જુસ્સો ભરી દીધો, તો મહાત્મા ગાંધીના સ્વદેશી વિચાર પર આધારિત કાર્યક્રમે બહુરાષ્ટ્રીય કંપનિયોના માધ્યમથી થઈ રહેલી વિદેશી લૂટથી લોકોને સજગ કર્યા. ‘મૈં ભારત કી આજાદી હૂં’ નાટિકામાં જીર્ણશીર્ણ ડોશીના કંપી રહેલ અવાજમાં પોતાની વ્યથા વ્યક્ત કરી રહેલ ભારતીય સંસ્કૃતિની હૃદયદ્રાવક અનુભૂતિએ દર્શકોને રાષ્ટ્ર અને સંસ્કૃતિની સુરક્ષા માટે સંકલ્પિત બનાવી દીધા. ‘દુર્વિચારો કા અંત એક નયા મહાભારત’ અને ‘ગરીબ જાયે કહાં? બોલો એ ગરીબ નવાજ’ નાટક રાષ્ટ્રની વર્તમાન સમસ્યાઓ અને ખતરાઓ પર આધારીત હતા. કાર્યક્રમનું સંચાલન રાહુલ સૈતુનાએ કર્યુ.

### ગાયત્રી વિદ્યાપીઠમાં

ગાયત્રી વિદ્યાપીઠમાં પણ ગણતંત્ર દિવસ ખૂબ ઉત્સાહની સાથે મનાવવામાં આવ્યો. આચાર્યશ્રી કૈલાશ મહાજન અને તમામ શિક્ષકોની હાજરીમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની રજુઆત કરવામાં આવી. બાળકોને આદર્શ જીવનની રાહે ચાલતાં દેશના નવનિર્માણમાં પોતાનું બહુમૂલ્ય યોગદાન આપવા માટે સંકલ્પિત કરાવવામાં આવ્યા. ✡

**સ્વામીઃ-** વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ-ટી.એમ.ડી. શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસઃ-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નંઃ- ૨૪૯૪૧૧,**
**ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેક્સ-નં-૨૬૦૮૬૬**
www.awgp.org, www.dsvv.org
Email:-shantikunjnews@awgp.org

R.No.UTT-GUJ00010/35/1/2010-TC
LICENCE TO POST
W/O PREPAYMENT
NO. WPP/05/05
RENEWED
UP TO-2011